સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ઓક્ટોબર - ૨૦૧૫
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



દીપાવલિ પર્વના દિવસે ભાવિક ભક્તજનોએ રચેલી દીપમાળામાં શોભતા
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ















ઘાટકોપર (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ધર્મકુળ આશ્રિત બૃહદ મુંબઈ પરાવિસ્તાર સત્સંગ સમાજ વતી ઘાટકોપર સત્સંગ સમાજ દ્વારા યોજાયેલ 'દ્વિમાસિક સત્સંગ સભા' તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' (તા. ૭ થી ૧૧-૧૦-૨૦૧૫)




જૂનાગઢધામને આંગણે ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી રાધારમણ દેવના દિવ્ય સાન્નિધ્યમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, મંદિરના મહંત પૂ. કો. શા. સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે આયોજીત 'માસિક સત્સંગ સભા'માં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. (તા. ૧૧-૧૦-૨૦૧૫)

**ખાસનોંધ :-** જૂનાગઢને આંગણે માસિક સત્સંગ સભાનું આયોજન કરવામાં આવે છે, તો દરેક સોરઠ પ્રદેશમાં વસતા ભક્તોએ અવશ્ય લાભ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ.

**સભા માહિતી માટે સંપર્ક :-** રમેશભાઈ તાલાળા - મો. ૯૪૨૮૪૯૨૧૧૮ જયેન્દ્ર કાપડીયા - મો. ૯૦૩૩૯૪૪૦૧૨



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ : ૩, અંક : ૯, તા. ૨૦-૧૦-૧૫

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## અમૃતવાણી

સંવત્ ૧૮૭૭ ના આસો વદિ અમાસ જે દિવાળી તેને દિવસ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો ને તે મંચ ઉપર છપરપલંગ બિછાવ્યો હતો. તે ઉપર સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ વિરાજમાન હતા અને સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ સ્વામિનારાયણ નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી પહેરી હતી અને માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ બાંધી હતી અને આસમાની રંગનો ફેંટો કમરે કસીને બાંધ્યો હતો અને કંઠને વિષે પીળા પુષ્પના હાર ધારણ કર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી દિવબંદરના હરિભક્ત આવ્યા હતા. તેણે શ્રીજીમહારાજની પૂજા કર્યાને અર્થે પ્રાર્થના કરી. પછી શ્રીજીમહારાજે તે સિંહાસન ઉપરથી ઊતરીને ને તે ભક્તજન સામા જઈને તેની પૂજા અંગીકાર કરી, પછી તેનાં આપેલાં વસ્ત્ર તથા પીળું છત્ર તથા પાદુકા તેનું ગ્રહણ કરીને પાછા તે સિંહાસન ઉપર વિરાજમાન થતા હવા.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | નૂતન વર્ષના પ્રારંભમાં પ્રેરણાદાયી પત્ર | ૦૪ |
| ૨. | દૃઢ સંકલ્પ સાથે નૂતન વર્ષની તથા નવી આશાઓની ઉજવણી | ૦૬ |
| ૧. | નવલું અરુણ પ્રભાત : નવું વર્ષ | ૧૯ |
| ૩. | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૭ |


:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

www.sardhardham.com, www.svg.org

Email : srdharmandir@gmail.com

**લવાજમ દર :-** બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**

हमारा लक्ष्य विश्व का कल्याण हो...

Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્યઅમૃતવાણી

સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથા પારાયણ

સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથામૃત

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

# પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો

# નૂતન વર્ષના પ્રારંભમાં પ્રેરણાદાયી પત્ર

સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ આપણા સર્વ કોઈના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત તેમજ તેમના સ્થાને બિરાજતા પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના કૃપાપાત્ર તેમજ તેમને વ્હાલા એવા સંતોને પ્યારા સર્વે હરિભક્તોને અમારા નવલા વર્ષમાં ઘણાજ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...!!!

નૂતન વર્ષમાં સર્વે હરિભક્તોને અમારી એટલી જ ભલામણ અને શુભકામના છે કે, આપણને પ્રાપ્ત થયેલ આ ચિંતામણી તુલ્ય મનુષ્યદેહ મળ્યો છે. અને તેમાં પણ સર્વાવતારી ભગવાન શ્રીહરિ ઓળખાણા છે, તો હવે મહારાજને રાજી કરવા રૂપી લક્ષ્ય ચૂકવું નહીં. બસ, અખંડ અંતરમાં એકજ આલોચના બની રહે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઉપર કેમ કરીને રાજી થાય અને પોતાની મૂર્તિના મહાઅલૌકિક સુખના ભોક્તા કરે. બીજા બધાજ પ્રકારના સુખ તો બહુ કાળથી આપણે ભોગવ્યા જ છે. પરંતુ ફક્ત મહારાજની મૂર્તિના સુખથી વંચીત રહી ગયા છીએ. જેથી કરી આ જન્મમરણરૂપી ફંદ છુટતો નથી.

નૂતન વર્ષના પ્રારંભમાં જ વિચાર કરીએ કે, આજ સુધીમાં મારી કેટલી દિવાળી ગઈ અને તેમાં મેં શું કર્યું ? દિવાળીને મેં દિવાળી મનાવી છે કે પછી હોળી બનાવીને વ્યતીત કરી છે. દિવાળી તો ત્યારે દિવાળી બને કે જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રેમશ્રોત્ર વહેવા માંડે.

વ્હાલા ભક્તજનો ! વિચારજ્યો...અનુભવજ્યો...! જીવનના ઘણાજ એવા પ્રસંગો વ્યતિત થયા હશે કે તમોએ પુત્ર-પરિવાર તેમજ જગતના ઘણા જીવાત્માને રાજી કરવા માટે જિંદગીમાં ઘણુંબધું હોમી દીધું હશે. પરંતુ તેમાંથી અંતે અપયશ અને અપકીર્તિ સિવાય કાંઈજ નહિ મળ્યું હોય. અને ત્યારે તમારો આત્મા પણ કબુલ કરતો હશે કે આટલી મહેનત મેં પરમાત્માને રીજવવા માટે કરી હોત તો હું ભગવાનની પાસે પહોંચી ચૂક્યો હોત. ખેર... તે બધીજ વાતને ભૂલી જઈ આ નવલા વર્ષમાં સંકલ્પ કરો : "હવે મારો એકેએક શ્વાસ ભગવાન શ્રીહરિને રાજી કરવા અને તેની મૂર્તિમાં ગુલતાન થવા માટે જ વ્યતિત કરીશ. હવે તો બસ દુનિયાના સારા કે નરસા બોલ સામે જોયા સિવાય મારે મારા મહારાજની મૂર્તિમાં મંડી પડવું છે. અનંત જન્મોથી આધિ-વ્યાધિ અને ઉપાધિમાં તપેલ આત્માને પરમાત્માની મૂર્તિમાં વળગાડવા જેવો બીજો કોઈ શાંતિનો ઈલાજ નથી."

વ્હાલા ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવા તેઓની આજ્ઞા એજ મારું જીવન અને મહારાજની મનોહર મૂર્તિ એજ મારી વૃત્તિ એમ કરી રાખશો તો જીવનમાં કદી



પસ્તાવું પડશે નહિ. બાકી જીવનમાં ભગવાન રાજીશું તો આ લોકના સુખ તો બધા મળી જ રહેવાના છે. માટે શ્રીજીમહારાજને વારંવાર પ્રાર્થના કરીએ : "હે મહારાજ ! તમારા રાજીપામાં હું રાજી રહેવા ઈચ્છું છું, તમારા ગમતામાં જ મારે મારું ગમતુ કરવું છે. માટે આપ રાજી થઈને આપને ગમતું હોય તેજ મારી પાસે કરાવજ્યો. બાકી એક આપ નારાજ થતા હોવ અને આખી દુનિયા રાજી થતી હોય તો એવા મારા તમામ સંકલ્પોને આપ ભાંગીને ભુક્કો કરી નાખજ્યો તેવી આપના ચરણોમાં નૂતન વર્ષમાં અમારી કોટિ કોટિવાર પ્રાર્થના છે."

"હે કૃપાળુ ! હવે આપ મને તમારો બનાવીને જ રાખજ્યો. હે પ્રભુ ! મને માયા થકી મૂકાવી અંતઃકરણના તમામ દોષોથી મુક્ત કરી આપની મૂર્તિમાં રસબસ કરજ્યો. અને મારા દેહની તમામ ક્રિયાથી આપ તેમજ આપના સ્થાને બિરાજતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, અને તેમને વ્હાલા એવા સંતો-ભક્તો રાજી થાય અને એ સર્વેના સુખને જોઈને મારું અંતર આનંદથી ભરાઈ જાય તેવી વિશાળ વૃત્તિ સાથે મને તમારો બનાવીને રાખજ્યો એટલી અમારી પ્રાર્થના છે."

સાથે સાથે વ્હાલા ભક્તજનો ! **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **સરધારધામ**ને આંગણે દર વર્ષ પ્રમાણે **આસો વદ - ૧૩ (ધનતેરશ) થી ૬ તા. ૯-૧૧-૨૦૧૫ થી તા. ૧૭-૧૧-૨૦૧૫** સુધી ભવ્યાતિ ભવ્ય **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'**નું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે તો સરધારમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંતો પધાર્યા તેને **૨૦ વર્ષ** પૂર્ણ થાય છે અને સત્સંગ છાવણી પણ વીસમી થાય છે, તેથી દરેક ભક્તોને અચૂક પધારવા અમારું ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

અંતમાં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વેને બૂબજ સુખીયા કરે તેવી તેમના ચરણોમાં પ્રાર્થના સહ નૂતન વર્ષના બધાજ ભક્તજનોને હૃદયપૂર્વક સ્નેહભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

હિન્દુ સંસ્કૃતિનું મહાપર્વ : દીપાવલી - નૂતન વર્ષ

# દૃઢ સંકલ્પ સાથે નૂતન વર્ષની તથા નવી આશાઓની ઉજવણી

## જીતની ગેરંટી + વિજયની વોરંટી = દૃઢ સંકલ્પ

**સાધુ અમૃતસ્વરૂપદાસજી** તથા **પા. ઉત્તમ ભગત** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



નૂતન વર્ષના પ્રારંભમાં આપણે આર્તનાદથી પ્રાર્થના કરીએ : "હે મહારાજ ! અમારે બીજાનું શરણું નથી તેમજ અન્ય કોઈના શરણની ઈચ્છા પણ નથી. તમારું એકનું જ શરણ છે, હું તમારે શરણે આવ્યો છું, આપ આપની કરુણામય દૃષ્ટિથી મારું સર્વ પ્રકારે રક્ષણ કરો... રક્ષણ કરો...!!" અને સાથોસાથ સદૈવ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહીએ, ષડ્અંગી સંપ્રદાય (દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત અને હરિભક્ત.)નો જ હંમેશા સંગ રહે તેવી અરજ કરીએ. નૂતન વર્ષ તે આપણા જીવનનું યાદગાર વર્ષ બને, આ મનુષ્ય દેહે કરી આત્યંતિક કલ્યાણ માટેનું અમૂલ્ય ભાથું બની રહે તેવું આ વર્ષ વીતે; તેવી સર્વાવતારી, સર્વોપરી, સર્વેકારણના કારણ, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના કરી ખૂબજ મજબૂત મન કરી તેના સથવારે અડગ કદમો ભરીએ. મોજથી... આનંદથી... ઉત્સાહથી... ઉમંગથી નવા વર્ષની શરૂઆત કરીએ...!!!

**સંકલ્પ એટલે** માનવીના જીવનનું બળ, સંકલ્પ એટલે **મનુષ્ય જીવનની કળ.** સંકલ્પ એ છે જે મરેલા શરીરમાં પ્રાણ આહૂત કરી શકે છે, સંકલ્પ એ છે જે ડૂબતા માણસને તારી શકે છે.

સંકલ્પ સ્વયં બુદ્ધ છે અને સંકલ્પ ખુદ પ્રબુદ્ધ પણ છે. સંકલ્પ મહાવીર પણ છે અને સંકલ્પ **શક્તિશાળી** પણ છે. સંકલ્પ આપણો **સારથી** બની શકે છે અને સંકલ્પ આપણો **પરમાર્થી** પણ બની શકે છે. સંકલ્પ તરસ્યા માટેનું પાણી છે, અબોલની વાણી છે. અને સૌના જીવનને સફળ કરતી નાનકડી કહાની પણ છે. સંકલ્પ **જીતની ગેરંટી** છે, સંકલ્પ **વિજયની વોરંટી** છે. સંકલ્પ શક્તિ છે, ભક્તિ છે અને જીવની પ્રગતિ કરવાની સાધના છે. સંકલ્પ એ **જીવનની આરાધના** છે.

જે આપણા સપનાને સાચા પાડી શકે છે તે **સંકલ્પ** છે. જે આપણી કલ્પનાઓને સાકાર કરી શકે છે તે સંકલ્પ છે. આપણા મનમાં સૂતેલી ઈચ્છાઓને હકીકત કરી શકે છે તે સંકલ્પ છે. સંકલ્પ મનના વનમાં ઊગતી સંજીવની છે. સંકલ્પ એ આપણા સૌની જીવની છે.

આપણે સૌએ પૌરાણિક કાળની મંત્રશક્તિ, વરદાનની શક્તિ અને ચમત્કારની **ઘણી વાતો** વાંચી છે, સાંભળી પણ છે. અને તે વાતોને શાંતચિત્તે ટાઢા પહોરના ગપ્પા માનીને સૂઈ જઈએ છીએ. પરંતુ ખરેખર એ માનવીની અપાર સંકલ્પ શક્તિના **અદ્વિતીય** જ્વલંત **ઉદાહરણો** છે. દૃઢ સંકલ્પવાળો માણસ વરદાન આપે તો તે ફળે જ છે.



દિવાળીની આતશબાજીમાં વીતેલાં વર્ષની તમામ કડવાશ, ખારાશ, નિષ્ફળતા કે નકારાત્મક લાગણીને ઓગાળી દેવામાં આવે છે. તથા દારુગોળો ફૂટ્યા પછી જેમ તેનો ધૂમાડો આકાશમાં અદૃશ્ય થઈ જાય છે તેમ ગત વર્ષના કડવા અનુભવોને ભૂલી જવામાં આવે છે.

સોનામાં સુગંધ ભળે તેમ ઘણા ખરા લોકો નૂતન વર્ષના પ્રારંભમાં ઘણા નવા સંકલ્પો કરે છે.

વિક્રમ સંવતના પ્રથમ માસનો **પ્રથમ દિવસ** એટલે કે કારતક સુદ **એકમ**ને આપણે **'નૂતન વર્ષ'** તરીકે ઉજવીએ છીએ. ભારતદેશમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતમાં નૂતન વર્ષનું અનેરું મહત્ત્વ છે. દિવાળીની આતશબાજીમાં વીતેલાં વર્ષની તમામ કડવાશ, ખારાશ, નિષ્ફળતા કે નકારાત્મક લાગણીને ઓગાળી દેવામાં આવે છે. તથા દારુગોળો ફૂટ્યા પછી જેમ તેનો ધૂમાડો આકાશમાં અદૃશ્ય થઈ જાય છે તેમ ગત વર્ષના કડવા અનુભવોને ભૂલી જવામાં આવે છે. દિવાળી પછીનો સૂર્યોદય આખા વર્ષ માટે હકારાત્મક ઊર્જા લઈને આવે છે. નવા વર્ષ સાથે નવા સંકલ્પ પણ કરવામાં આવે છે અને તેને પૂરા કરવા માટે ધર્માચાર્યો-સંતો-ભક્તો અને વડીલોના આશીર્વાદ પણ પ્રાપ્ત કરવામાં આવે છે.

આમ તો **દિવાસો**ના દિવસથી જ **દિવાળી**ની ઊંધી ગણતરી ચાલુ થઈ જાય છે. દિવાસો આવે એટલે વૃદ્ધજનો કહે : ''દિવાળીને હવે સો દિવસ બાકી રહ્યા.'' ત્રણેક મહિના પહેલાંથી જેની છડી પોકારાતી હોય છે એવો કદાચ દિવાળી એકમાત્ર તહેવાર હશે ! કોઈ તાલુકા મથક કક્ષના સ્થળની મુલાકાતે રાજ્યના કોઈ મંત્રી કે પછી મુખ્યમંત્રી આવવાના હોય ને જે રીતે એ સ્થળનું સરકારી તંત્ર કે પોલીસતંત્ર હરકતમાં આવી જાય એ ત્વરાથી **દશેરા** વિદાય લેતા જ ગામડા અને શહેરના બજારો હરકતમાં આવી જાય છે. ઓફરોનું ધાડું તીડના ધાડાની જેમ બજારના રાજા તરીકે ઓળખાતા ગ્રાહકો પર તૂટી પડે છે. 'બે ખરીદો, સાથે બાવીસ મફત મેળવો', 'રૂપિયો આપીને રોલ્સ રોય્સ લઈ જાવ.' 'આખા વર્ષ દરમ્યાન આપણને ડિસ્કાઉન્ટ ન આપતી/લૂંટતી/છેતરતી કંપની આવી છે હવે ઘાટમાં !' એમ વિચારીને આપણે ઓફરોના જાળામાં ભોળવાઈ જઈએ છીએ ને છેવટે છેતરાઈ ગયાની લાગણી અનુભવીએ છીએ. 'નવું વર્ષ આવવાનું છે - નવું વર્ષ આવવાનું છે'ના શોરબકોરમાં આપણે તણાઈ જઈએ છીએ. ઘરના માળિયાથી તળિયા સુધીનું બધું ચકચકાટ કરી નાખીએ છીએ, કપડાંલત્તાં, જોડાંથી માંડીને ટી.વી., ફ્રિજ, મોટરકાર સુધીની વસ્તુઓની ખરીદી થાય છે. પડદાનાં કાપડ, ચાદરો, ઓશિકાં-તકિયાના કવરો, સોફાની ટેપેસ્ટ્રી ને કંઈ કેટલુંય બદલી કાઢીએ છીએ. સલૂનમાં જઈને સ્ત્રી-પુરુષો વાળ કાળા કરાવી આવે છે. આખું વરસ રીંછની જેમ લઘરવઘર ફરતા પુરુષો દિવાળી ટાણે દાઢી-મૂછ-વાળ ધોરણસરના કપાવી આવે છે.

એક કે બે દાયકા પહેલા **દિવાળીના પર્વને વિષે** તો લોકોમાં જે વડીલ હોય તે તો ગળી કરેલા **નવા નકોર** વસ્ત્રો પહેરતા, યુવાનો વિદેશી કે ખાદી કાપડના ગામના દરજી પાસે સીવડાવેલા **કપડાં** પહેરતા. તેવી જ રીતે બાળકો અને યુવાનો પણ દિવાળીના દિવસે **ફટાકડા** ફોડે, ઘર આંગણે કુમારિકાઓ **દીવડાઓ** મૂકે ને વિધ-વિધ પ્રકારના રંગોથી **રંગોળીઓ** પૂરી ઘરના આંગણાને સુશોભિત કરે છે ને વળતે દિવસે એટલે કે બેસતા વર્ષના દિવસે બાળકો પોતાના માતા-પિતા, દાદા-દાદીને પ્રણામ કરે, યુવાનો પોતાનો વડીલોને **પ્રણામ** કરે ને સૌ હળીમળીને ઘરમાં એકી સાથે **નૂતન વર્ષ**ના **આનંદ**ને માણે.

દરેક વ્યક્તિઓ ગામના કે શહેરના એક-એક દેવાલયોમાં દર્શન કરીને એવો **અહેસાસ** અનુભવે કે જાણે આજથી મારો આ પૃથ્વી પર પહેલો દિવસ છે. સૌ પોતપોતાના સગાસ્નેહીઓને નૂતન વર્ષના અભિનંદનના પત્રો લખી-લખી મોકલતા. પરંતુ હવે નવા વર્ષની ઉજવણીમાં પણ **નવીનતા** જોવા મળે છે. ટેક્નોલોજીનો આવિષ્કાર ઉજવણીને પ્રભાવિત કરે છે. શુભેચ્છા કાર્ડ્સનું સ્થાન હવે ઈ-મેઈલ, ફેસબુક, ટ્વીટર, ઈન્ટાગ્રામ, વોટ્સઅપે લઈ લીધું છે. સોશ્યલ મીડીયાનો નૂતન વર્ષની ઉજવણીમાં બહોળો **ઉપયોગ** કરવામાં આવે છે.

નવું વર્ષ નવી આશાઓ, નવા વિચારો લઈને આવે છે. ગયા વર્ષે પૂરા ન થયેલા સ્વપ્નાઓ આ વર્ષે તો ચોક્કસ પૂરા કરીશું એવો **નિર્ધાર** આ દિવસે કરીને લોકો **દૃઢ સંકલ્પ** કરે છે. ગત વર્ષની કડવાશ કે મનદુ:ખ પર બેસતા વર્ષના દિવસે પૂર્ણવિરામ મૂકાઈ જાય છે. કોઈ બાબતે એકમેક સાથે થયેલું મનદુ:ખ ભૂલીને બેસતા વર્ષે ઉમળકાથી ગળે મળીને સંબંધોની **નવી શરૂઆત** થાય છે. માત્ર સંબંધોમાં કે વિચારોમાં જ નવીનતા શા માટે ?

આપણી કમનસીબી એ છે કે, વર્ષ બદલાય છે પણ **સ્થિતિ** જરાપણ બદલાતી નથી. વર્ષ નવું આવ્યું, પરંતુ ભેજામારી તો જૂની જ રહી. કેલેન્ડરના પાના ફાડો કે ન ફાડો, વર્ષ બદલાતું જ રહેશે. વિચાર-સ્થિતિમાં **પરિવર્તન** આવે એ બદલાવ સાચો ગણાય.

દર વર્ષે નવું વર્ષ શું કામ આવતું હશે ? આપણે મોબાઈલને **રિચાર્જ** કરાવીએ છીએ, પણ સમજણને રિચાર્જ કરાવવાનું ભૂલી જવાય છે. કોઈ કંપની એ નહીં કરી આપે. આપણા માપના કપડાં આપણે જ સિવડાવવા પડે. નવું વર્ષ એટલા માટે આવે છે કે એક નજર વીતેલા વર્ષની ભૂલો પર નાખી આવનારા વર્ષમાં એ નિવારી શકાય. સુખ-દુ:ખનું **સરવૈયું** માંડવાનો **રિવાજ** સુખ-દુ:ખની સમજણ વિકસાવવા માટે છે.

વર્ષભરની **ઘટનાઓ** પર નજર કરીએ તો લાગશે કે જિંદગી ક્યાંક ખોવાઈ ગઈ છે, ક્યાંક છેતરાઈ ગઈ છે, ક્યાંક વગોવાઈ ગઈ છે ને ક્યાંક ખોટકાઈ ગઈ છે. એ સારી જીવાણી હોય એના **ઉદાહરણ** બહુ ઓછાં છપાય છે. ટકાવારી ભલે ઓછી હોય, પણ જિંદગીને જીવી જાણતા લોકોને કારણે જ આ સૃષ્ટિ ટકી છે.

જિંદગીને **આવકાર** તો આપણે જન્મતાં જ આપી દઈએ, પણ એનો **સ્વીકાર** કરવામાં જન્મારો વીતી જાય. એટલા બધા વિરોધાભાસો વચ્ચે જિંદગી જિવાતી હોય છે કે ક્યારેક સમજણ કાચી પડે તો ક્યારેક શ્રદ્ધા. આપણી કલ્પના હોય છે કે **અવરોધો વગરની જિંદગી** મળે, પણ એવી જિંદગી તો ભગવાન શ્રીકૃષ્ણ કે ભગવાન શ્રી રામચંદ્રજી કે કોઈ મહાપુરુષોને નથી મળી, તો સામાન્ય માણસને ક્યાંથી મળવાની.



**ચરજની વાત** એ છે કે, દર નવા વર્ષે આપણે સંકલ્પો કરીએ છીએ અને **દર નવા વર્ષે સંકલ્પો બદલીએ છીએ, પરંતુ આપણે બદલાતાં નથી.** અસલમાં સંકલ્પ બદલવાની નહિ પણ આપણે બદલાવાની જરૂર છે.

માણસ જન્મે એ પહેલાં જ **સમસ્યાઓ** જન્મવા તત્પર. સમસ્યા હંમેશા આપણા કરતા એક ડગલું આગળ હોય. **ઉકેલ** આપણી એક ડગલું પાછળ ચાલતો હોય. આ બંને વચ્ચેનો **મેળ બેસાડવાનું નામ જ છે જિંદગી.** સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, જો માર્ગ પર સમસ્યા ન આવે, તો સમજજો એ માર્ગ જ ખોટો છે.

જિંદગીનું કામ છે પરીક્ષા લેવાનું. જિંદગીમાં સંઘર્ષ અને સમસ્યા સંપીને રહે છે. ઉપાય અને સમાધાન કોઈ વ્યક્તિ એમને શોધતો શોધતો આવે એની પ્રતીક્ષામાં હોય છે.

વિચારો કે જે દેહમાં રહીએ છીએ એને ઘડવામાં પરમાત્માએ કેટલી મહેનત કરી હશે ! આપણે આપણા ટેબલનું ખાનુંય સરખું ગોઠવી શકતાં નથી. જ્યારે ભગવાને તો હૃદયની જગ્યાએ હૃદય, મગજની જગ્યાએ મગજ વગેરે અવયવોને સાંકળતું આખું તંત્ર જડબેસલાક ગોઠવ્યું છે.

જિંદગીના દામનમાં **સુખ** અને **દુ:ખ** બંને છે. દુ:ખના છાજિયાં લેતા પહેલા એ વિચારી લેવું જોઈએ કે, લાખો લોકો **શારીરિક ઊણપો** સાથે જીવતા હોય છે. અંધજનોની સૃષ્ટિમાં કદી ડોકિયું કરજો. એમણે તો ચહેરો પણ આંગળીઓથી ઓળખતાં શીખવું પડે. કલરફૂલ મોબાઈલને ઝંખતી આપણી આંખોને એ ખબર નથી હોતી કે અંધજનોના તો સપનાં પણ બ્લેક એન્ડ વ્હાઈટ હોય છે. કેટલાક વિકલાંગો પગથી નહીં, હાથેથી ચાલતાં હોય છે. મંદબુદ્ધિ બાળકની માતા ગમે એટલી વલોવાતી હોય, પણ એની મમતાનું વલોણું ક્યારેય અટકતું નથી.

દુ:ખના પ્રકરણો તો જિંદગીની **નવલકથા**માં મળવાના જ. આપણું કામ સુખને શોધવાનું છે; નરી આંખે દેખાય તો નરી આંખે, ટોર્ચથી દેખાય તો ટોર્ચથી. ગર્ભમાં આપણે ઘડાતા હતા ત્યારે આપણને ગતાગમ નહોતી. જીવનમાં આપણે ઘડાઈએ છીએ ત્યારે પણ પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડતો નથી.

મુલ્લા નસરુદ્દીનનો **એક પ્રસંગ** છે : ચૂંટણીનો દિવસ હતો.

જાગ્રત નાગરિકની રૂએ મુલ્લાજી પત્ની સાથે મતદાન કરવા ગયા. બંને ચૂંટણીમથકે આવ્યા. અધિકારીએ મુલ્લાનું નામ શોધીને ચોકડી મારી. પછી મુલ્લાને મતપત્ર આપ્યું. હવે મુલ્લાની પત્નીનો વારો આવ્યો. અધિકારીએ બે-ત્રણ વખત આખી યાદી તપાસી જોઈ. સાથી અધિકારી સાથે ચોકસાઈ કરી. ક્યાંય એનું નામ ન મળે. છેવટે તેણે કહ્યું કે, ''માફ કરજો ! તમારું નામ મતદારયાદીમાં નથી. તમારું નામ તો મૃત વ્યક્તિઓની યાદીમાં છે.'' ખલાસ. મુલ્લાની પત્નીનો પિત્તો ગયો. એ ગરજી ઊઠી : ''શું કહ્યું તમે ? આ તમારી સામે જીવતી-જાગતી બેઠી છું.'' એ હજી કાંઈ આગળ સંભળાવે એ પહેલા મુલ્લાએ અટકાવતા કહ્યું : ''તારી જીભની કસરત બંધ કર. આવડા મોટા અધિકારી કાંઈ જૂઠું બોલતા હશે ?'' જીવતે જીવત આપણું નામ મૃતકોની યાદીમાં નથીને એ ચેક કરી લેવું. શ્વાસ ચાલુ હોવાની ઘટનાને જિંદગી ન કહેવાય, શ્વાસ **સાર્થક** કરવાની ઘટનાને **જિંદગી** કહેવાય.

આનંદ પ્રયત્નમાં છે કે પરિણામમાં ? પ્રયત્નને અંતે ગમે તેટલું સહન કરો, પણ જો તમારું ધ્યેય નિશ્ચિત હોય તો જ એ સંતોષ અને આનંદના રૂપમાં પરિણમશે. જે માણસ સુખી ન થવા માગતો હોય તેને તમે ક્યારેય સુખી ન કરી શકો. સુખ એ આપવાની વસ્તુ નથી, એ અનુભવવાની વસ્તુ છે. પૈસા કમાવા એ જરાય ખોટું નથી. ભૂલ એ છે કે આપણે એને સુખ ગણી લઈએ છીએ. શાસ્ત્રમાં કહ્યું છે કે, ''માણસની સુખની શોધને **ચાર ખૂણા** હોય છે. હોદ્દો, પ્રતિષ્ઠા, પૈસો અને પત્ની.'' આ ખૂણામાં જ ફરતા રહીને આગળ ન જવું એ **ભૂલ** છે.

ઓથેન્ટિક હેપીનેસ (અધિકૃત સુખ) શબ્દ કેટલો સરસ છે. માર્કેટમાં છેતરામણા પ્રોડક્ટના મોહપાશમાં આવીને અસલી ભૂલીને જવાય છે. સુખ પાસબુકમાં રહ્યું જ છે એ ચોક્કસ નથી, સુખ ભગવદર્પિત-પ્રેમબુકમાં તો હોય જ છે. તકલીફ ત્યારે થતી હોય જ્યારે આ પ્રેમબુકને અપડેટ કરાવવા જઈએ ત્યારે પ્રિન્ટર બગડી ગયું હોય. સંબંધોનું પણ નિયમિત એએમસી કરાવવું પડે.

સુખ તમારા ઘરમાં વાવેલા તુલસીજીમાં પણ દૃશ્યમાન થઈ શકે. પગમાં ઘસાઈ ઘસાઈને મૂંગો પ્રેમ વ્યક્ત કરતી બિલાડીના સ્પર્શમાં પણ અનુભવી શકાય. 'જાન ન પહેચાન, મૈં તેરા મહેમાન'ની જેમ કોઈ બાળક સાથે નિરર્થક વાતોનો ડોઝ તો સંસારનું એક ઉત્તમ સુખ છે. સત્સંગમાં બે વચન કાને પડી જાય અને ચ્યૂઈંગમની જેમ મમળાવતાં મમળાવતાં આપણો **જિદ્દી અભિગમ** બદલાય તો એ સુખનો **આધ્યાત્મિક ઉદય** છે.

નવા વર્ષે સંકલ્પ કરીએ **હકારાત્મક અભિગમ** કેળવવાનો. મથરાવટીને માંજવાનો. કેટલીક વ્યાખ્યા બદલવાનો. કેટલીક સમજણ આત્મસાત્ કરવાનો. કેટલીક ખોટી માન્યતા તોડવાનો. કેટલાંક મંતવ્યો ઘડવાનો. શાસ્ત્રોએ બતાવેલા સત્યનિષ્ઠા-સત્ય સિદ્ધાંતને ટકાવાનો. દરેક જીવ-સૃષ્ટિ આમ જુઓ તો ચમત્કાર જ છે, પણ એ ચમત્કાર છે એ **સમજવાની શક્તિ** કેળવાય એ **પ્રાર્થના** કરવાનો. નાની નાની ખુશીઓમાં સચવાયેલી મોટી મોટી શક્યતાઓને ઓળખવાનો.

બારીએ આવતા પંખીને જોઈને કહેવાનું મન થાય કે, 'ભલે આપણે ટહુકા સર્જી નથી શકતા, પણ ટહુકાને **વેલકમ** તો જરૂર કરી શકીએ.'

જૂનો હિસાબ-કિતાબ પતાવીને નવા વર્ષે **નવી શરૂઆત** કરવાનો પણ **રિવાજ** છે. સંબંધોમાં, સંકલ્પમાં કે સજાવટમાં જ નહીં પણ પોશાકમાં પણ નવીનતાને પ્રાધાન્ય આપવામાં આવે છે. બીજા તહેવારોમાં નવાં કપડાં કદાચ ન ખરીદે તો ચાલે, પણ નવા વર્ષે નવો પોશાક પહેરવાનો જાણે વણલખ્યો નિયમ છે. વહેલી સવારથી નવા કપડાંમાં સજ્જ થઈને મહાપુરુષો અને વડીલોના આશીર્વાદ લેવાનો અને મિત્રોને શુભકામના પાઠવવાનો ક્રમ આજેય ગુજરાતમાં જળવાયો છે. આ થયું **બેસતા વર્ષનું સામાજિક મહત્ત્વ.** બેસતા વર્ષનું **આધ્યાત્મિક મહત્ત્વ** પણ એટલું જ અગત્યનું છે. મંદિરોમાં પૂજન-અર્ચન કરીને ભગવાનના શ્રીચરણોમાં શીશ નમાવવા ઉપરાંત અન્નકૂટનો ભોગ ધરાવવાનું માહાત્મ્ય છે. ભગવાનને છપ્પન પ્રકારના થાળ ધરાવવામાં આવે છે. અન્નકૂટ દર્શન અને મહાપ્રસાદના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં નવા વર્ષના દિવસે ખેડૂતો પોતાના ખેતરમાં થયેલી ફસલ સૌપ્રથમ વખત ભગવાનના ચરણોમાં ધરે છે. કોઈક શેરડીના સાંઠાઓ તો કોઈક મગફળી લઈને મંદિરોમાં ભગવાનને અર્પણ કરે છે. ફસલની વસ્તુઓ ધરાવીને આખું વર્ષ સુખરૂપ પસાર થાય એવો **શુભ સંકલ્પ** રાખે છે.

વેપાર-ધંધા સાથે સંકળાયેલા લોકો માટે **ચોપડા પૂજન**નું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ **બોણી**નું છે. વર્ષ દરમ્યાન વેપારમાં બરકત બરકરાર રહે એવી લાગણી સાથે આ દિવસે નાનકડી દુકાન ધરાવતા વેપારીઓથી લઈ મોટા બિઝનેસમેન સુધી લગભગ તમામ આ દિવસે કોઈક નાનકડી વસ્તુનો વેપાર કરીને પણ બેસતા વર્ષની બોણી કરવાનું ચૂકતા નથી.

નૂતન વર્ષ, સાલ-મુબારક અને નૂતન વર્ષાભિનંદનના **ઉમળકાભર્યા અવાજો** અને ઘરે આવેલા મહેમાનોના હાથે ટીપોય પરની ખાલી થતી **નાસ્તાઓની ડીશો** વચ્ચે વચ્ચે દિવાળીના **દીવડાઓ** હજુ બે-પાંચ દિવસ ઝગમગશે... હજુ થોડાક દિવસ છૂટ-મુટ-લવિંગીયા-રોકેટ કે બોમ્બના અવાજો સંભળાતા રહેશે... ચાર-પાંચ દિવસની સામટી રજાઓને હિસાબે રસ્તાઓ થોડા દિવસ હજુ સૂમસામ રહેશે. પછી ધીરે ધીરે બહાર ગયેલા લોકો પરત આવવા મંડશે... કેલેન્ડરમાં નવો ડટ્ટો લાગી જશે... જો કે આ ડટ્ટા પણ હવે ડાયનાસોરની જેમ લુપ્ત

થતી પ્રજાતિમાં આવતા જાય છે. તોપણ જ્યાં હજુ વપરાશ હશે ત્યાં તો બદલાશે જ. કોમ્પ્યુટર અને મોબાઈલના ડીઝીટલ કેલેન્ડર્સમાં તો સમય એની મેળે જ બદલાય જતો હોય છે. ડીઝીટલ ક્લોકના આંકડામાં નવું વર્ષ ચૂપચાપ આવી જાય છે. ખબર પણ નથી પડતી, પણ હા; આ કેલેન્ડરના ડટ્ટામાં નૂતન વર્ષ લખેલું ગુલાબી, પીળું કે લાલ પત્તું જોવાની જે મજા હતી કે છે એ હવે ગાયબ છે અને કદાચ છે તો ફુરસદ ક્યાં?

બેસતા વર્ષના વર્તમાનપત્રોનો મોટાભાગનો કાગળ આવનારું વર્ષ કેવું રહેશે એ બતાવતા **વરતારાઓ**થી ભરચક હશે. ફેબ્રુઆરી સુધી સમય ઠીક નથી કે આ વર્ષે ધનલાભ થશે જેવા **મિશ્ર સમાચારો** વાંચતા વાંચતા કપાળ પરની **લકીરો** ઓછી વત્તી થયા કરશે. ઘણા લોકોને નવો ધંધો કે નવી ખરીદી કરવી હોય તો પ્રથમ નવા વર્ષનું પચાંગ જુએ ને જો તેમાં પહેલા કહ્યું તેમ જો ધનલાભમાં ક્ષતિ રહેશે એવું હોય અથવા તો કાંઈ નબળું ભવિષ્ય ભાળ્યું હોય તો વાંચનાર માણસને નૂતન વર્ષને દિવસે પણ હજુ જૂનું વર્ષ ચાલુ થઈ જાય ને પોતે ભાંગીને ભુક્કો થઈ જાય. તેમાં પણ જો નૂતન વર્ષની પોતાની રાશી કોઈ વર્તમાનપત્રોમાં કે સોશ્યલ મિડીયાના માધ્યમથી જુએ ને જો તેમાં કાંઈ ગેરલાભનું વાક્ય આવે તો તે વાક્યને દસ વખત વાંચી જઈને જીવતા છતાં મૃતપાય જેવી સ્થિતિ થઈ જાય છે. પરંતુ આવી **ભવિષ્યવાણી** પર જે માણસ ચાલતો હોય છે તે માણસ ક્યારેય પણ સુખી થતો નથી. તેથી જ સત્પુરુષો કહે છે કે, 'જે માણસ પોતાના ભાગ્ય પર ચાલે છે તે માણસ હંમેશા આગળ જવા કરતા પાછળ વધારે ગતિ કરે છે.'

ઠીક છે સમય બદલે છે એ ન્યાયે **નવા વર્ષનું આગમન** પણ બદલાયું છે અને સમય તો નિરંતર આગળ વધતી વસ્તુ છે... ચીજ છે... એને રોકવો મુમકીન હી નહિ નામુમકીન હૈ. એ એનું કામ કર્યા જ કરે... એને વળી શું નવું કે શું જૂનું વર્ષ? ઘડિયાળના આગળ વધી ગયેલ કાંટા કે સ્મોલ ડાયલના ચોરસ ચોકઠામાં બદલાતા તારીખના આંકડા એ વાતનો સંકેત છે કે ગઈકાલ કાલે જતી રહી... આજે છે એ આજ છે અને બહુ જલ્દી આજ પછી **આવતીકાલ** પણ આવશે જે **આજ** થશે અને એ જ **આવતીકાલ** પાછી **ગઈકાલ** પણ થઈ જવાની...

તો પછી એ હિસાબે તો આ નવું વર્ષ પણ બહુ જલ્દી જૂનું થઈ જવાનું ને? હાસ્તો..., ગયું વર્ષ જૂનું થયું એટલે તો આ નવું વર્ષ આવ્યું ને! એટલે જ કેલેન્ડરમાં બદલાતો ડટ્ટો કે ડીજીટલી ચેન્જ થતી તારીખના સથવારે જ્યારે નવા વર્ષના પ્રથમ, દ્વિતીય કે ગમે તે પ્રભાતે આગળ જોવાનું શરૂ કરીએ છીએ તો ખરેખર તો એ પહેલા પાછળ જોવાનું શરૂ કરવું જોઈએ. બીત ગઈ સો બાત ગઈ એવું આ નૂતન વર્ષ તરફ નજર નાખતી વખતે લાગું નથી પડતું. જેમ સમય સતત વહ્યા કરે છે એમ જ વહ્યા કરે છે જિંદગી. કેલેન્ડરમાં **વિક્રમ સંવત** બદલાઈ ગઈ એનો મતલબ એ થોડો છે કે ગઈ વિક્રમ સંવતને ભૂલી જવાની? નવા વર્ષ તરફ કદમ માંડતા પહેલા એક નજર જૂના વર્ષ તરફ પણ નાખવાની છે.

વર્ષ તો ગયું... સમય પણ વહી ગયો... જે બન્યું એના **સરવાળા-બાદબાકી** કે **ગુણાકાર-ભાગાકાર** કરવાનો તો કોઈ અર્થ રહેતો નથી પણ એક નજર પાછળ નાખીને આગળ વધવામાં **ફાયદો** એ છે કે બની શકે આવનારા વર્ષમાં અમુક એવી ઘટનાઓ-સંબંધો-ક્ષણો કે નિર્ણયોની **બાદબાકી** કરી શકો કે પછી ગયા વર્ષે ન જ ઉમેરી શકેલ આવા બનાવોને આ વર્ષે ઉમેરવાના **સંકલ્પ** કરી શકો. એક નજર વીતેલા વર્ષ પર નાખીએ તો કેટકેટલું રીવાઈન્ડ કરી શકીએ. થોડી ખુશી, થોડા ગમથી લઈને હતાશા, સફળતા, નિષ્ફળતા, વિષાદ વગેરે વગેરે.. સૌ કોઈની જિંદગી એકસરખી હોતી નથી જ... ને બીજાની જિંદગી સાથે આપણી જિંદગી સરખાવવાની તો ગુસ્તાખી પણ ન કરવી. પણ છતાંયે એક નજર વીતેલા દિવસો પર તો નાખવી જ પડે અને જેવી નજર નાખવાનું શરૂ કરો તો દેખાઈ આવે જિંદગીમાં આવેલ **થોડા ઉતાર...** ને ઉતારની સાથે-સાથે અચૂક ફ્લેશબેક થાય **થોડા ચડાવ** પણ. ઉતાર યાદ આવે તો દુઃખ થાય પણ **ચડાવ** યાદ આવે તો **ખુશી** પણ થાય જ.

શ્રીજીમહારાજ ગઢડા પ્રકરણના ૩૮મા **વચનામૃત**માં કહે છે : ''જે સત્સંગી હોય તેને જ્યારથી પોતાને સત્સંગ થયો હોય ત્યારથી પોતાના મનનો તપાસ કરવો જે 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું, ને પછી આવું હતું, અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ **વર્ષો વર્ષનો સરવાળો** વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી, અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ. જેમ વણિકને ઘેર **નામું** કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકવી દઈએ, તો તે દેતાં કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે, તેમ નિરંતર વિચાર કરવો.''

જિંદગીમાં **કેટકેટલું** બનતું હોય છે... ને એ જ્યારે બન્યું હોય ત્યારે બની શકે કે જીવનની **આપવીતી**માં એના વિષે નિરાંતે બેસીને આપણે વિચારી શક્યા ન પણ હોઈએ! સતત દોડતી રહેતી આ જિંદગીમાં અમુક નિર્ણયો, બનાવો કે ઘટનાઓ જ્યારે બની હોય ત્યારે આપણે એ કેમ બની એનો વિચાર કરવાને બદલે સ્વાભાવિક છે કે તેના **નિરાકરણ** વિષે વધુ વિચાર્યું હોય. જરૂરી તો લાગતું હોય કે આના વિષે વધુ વિચાર કે ચિંતન, મનન કરીશું પણ એકને સુલટાવો ત્યાં બીજું કંઈક તૈયાર જ રહેતું હોય છે એટલે એ રહ્યું પેન્ડીંગ. **જીના ઈસી કા તો નામ હૈ...!!!** પણ એ પેન્ડીંગ રહેલું **વિચારબીજ** આ નવા વર્ષની રીવાઈન્ડ થતી

કેસેટમાં જો જોવા મળી જાય તો ચોક્કસ **પોઝનું બટન** દબાવીને એના વિષે વિચારી શકાય ને એવું બને કે એ કેમ બન્યું એની **જડ** પણ મળી જાય ને નવા વર્ષમાં જો આવા નિર્ણયો-ઘટનાઓ-પરિસ્થિતિઓમાં આમના-સામના થાય તો કામ તો લાગે જ...!!!

આમ તો નવા વર્ષનો **સીધો ને સાદો નિયમ** એ છે કે, 'જૂનું બધું ખંખેરી નાખો ને નવાનો વિચાર કરો.' પણ ભાઈ ! એ તો જિંદગી છે ! એમાં દર નવા વર્ષે બધું નવું નથી આવતું. અસલમાં નવા વર્ષમાં ઘણું બધું એવું હોય છે જે **કેરી ફોરવર્ડ** થાય છે મતબલ **ટુ બી કન્ટિન્યૂ...!!!** હા. આવનારા વર્ષમાં **કંઈક નવીન પણ** હશે, પરંતુ એ તો જ્યારે બને ત્યારે પણ નવા વર્ષના નવા રસ્તા પર પહેલા કદમે તો આ અધૂરું રહી ગયેલું... હજુ પૂરું કરવાનું બાકી હોય એવું અહેસાસનું **ભાથું** લઈને જ નીકળવાનું હોય છે. આગળ શું બનવાનું છે એનો **પાક્કો આઈડિયા** તો ક્યાં કોઈને હોય છે એટલે એ તો પડશું એવા લેવાશે એમ કરીને **હેપ્પી ન્યુ યર** કહી જ દેવાનું હોય પણ આ ન્યુ યર હેપ્પી ત્યારે જ થવાનું જો તમે ઓલ્ડ યરની યાદી, વાદ-વિવાદો, સંબંધો, ખુશી કે ગમને સાથે લઈને નવા વર્ષમાં કદમ માંડશો.

'બીત ગઈ વો બાત ગઈ' એ વાત સાચી પણ જે બીત તો ગઈ પણ અધૂરી છે એનું શું ? કાખમાં તેડેલ બાળકની જેમ એને લઈને જ નવા વર્ષના **નવલા રસ્તાઓ** ખૂંદવા પડે. કારણ કે અસલમાં તો એ જ છે આવનારા વર્ષનો **સાચો સંગાથી.** ગયા વર્ષે મેળવેલ કે ના મેળવેલા અનેક આશ્ચર્યો, આનંદો, આઘાતો, અપેક્ષાઓ, અરમાનો, આપવીતીઓમાંથી જ મળશે નવા વર્ષમાં સરળતાથી સફળતાથી વિહરવાની કાબેલિયત. યાદ કરો ગયા વર્ષે આવા જ એક નૂતન પ્રભાતે તમે આવનારા વર્ષ વિષે વિચારેલું ? કે પછી ત્યારે વીતી ગયેલ વર્ષ તરફ નજર નાખેલી ? જો હા, તો એમાંથી કશું શીખેલ ? કે પછી વીતી ગયેલી વાતોને યાદ રાખવાથી આવનારા વર્ષમાં તમે વધુ સચોટ, સટીક અને વધુ સાવચેત થયેલા ? જો નવા વર્ષમાં કદમ માંડતી વખતે જરા ડોકિયું કરી પાછલા વર્ષને ઢંઢોળ્યું હશે તો ચોક્કસપણે આવનારા વર્ષમાં તમે ગયા વર્ષમાં રહી ગયેલું, ભૂલ કરેલું પડતું મૂકેલું કોઈ કામ, સંબંધ, ઘટના કે પરિસ્થિતિનું નિવારણ કરવાનો પ્રયત્ન કર્યો જ હશે. હવે એમાં કેટલા સફળ થયા કે નિષ્ફળ થયા એને જ તો ત્રાજવે નાખવાનું છે આ વર્ષે...!!! વિચારો...!!!



**અચરજની વાત** એ છે કે, દર નવા વર્ષે આપણે સંકલ્પો કરીએ છીએ અને **દર નવા વર્ષે સંકલ્પો બદલીએ છીએ, પરંતુ આપણે બદલાતાં નથી.** અસલમાં સંકલ્પ બદલવાની નહિ પણ આપણે બદલાવાની જરૂર છે.

કહેવાવાળા તો કહેવાના, 'જૂનું ખંખેરી નાખવાનું ને એને ફેંકીને હળવા થઈ જવાનું', પણ એ એટલું આસાન પણ નથી અને ફાયદેમંદ પણ નથી. નવું છે એ હકીકત છે પણ એ નવું થયું એની પાછળ જૂનાનો એટલો જ ફાળો છે. જેમ પચ્ચીસ માળની આલિશાન ઈમારત હોય તેમાં જેટલી ટોચના માળની કિંમત છે તેના કરતા વધારે કહી શકાય કે બેઈઝમેન્ટમાં રહેલા પાયાની પણ ઘણી કિંમત છે. કેમ કે - પાયાનો આધાર છે તો ટોચના માળની કિંમત છે. અને જિંદગી કોઈ નાસ્તો કર્યા પછી વધેલી પસ્તી તો નથી જ કે કામ પતી જાય એટલે ડૂચો વાળીને કચરાપેટીમાં ફેંકી શકાય. 'વીતેલું વર્ષ ગયું તો ગયું.' એ બરાબર; પણ એ ગયેલા વર્ષમાંથી જ તો શીખવાનું છે ને એને આધારે જ તો નવું વર્ષ ફરીથી જૂનું થાય ત્યાં સુધી આગળ **ગડમથલ** કરવાની છે. અલબત, નવા વર્ષે હળવા થવાનું છે એટલે કે કંઈક નવું બનવા જઈ રહ્યું છે એવો **અહેસાસ** કરવાનો છે એ બરાબર છે પણ જૂના વર્ષની યાદો - ચાલે એ ખુશીની હોય કે ગમની એને તો સાથે રાખવાની જ છે અને એ યાદોનો ભાર જરાય નહિ લાગે ઊલટાનું એ યાદોની પોટલીના સહારે તમે આવનારા વર્ષમાં મળનારા **ખુશીના મોતી** જીવનમાં સંઘરી શકશો.

આમ તો નવા વર્ષનું **મહત્ત્વનું અને ઉત્સાહજનક** કોઈ **કામ** હોય તો એ આવનારા વર્ષ માટે **સંકલ્પ** કરવાનું. નવું એટલે આપણે **નવા સંકલ્પો, નવા વિચારો** અને **નવા નિર્ણયો** કરવામાં **પ્રસન્નતા** અનુભવતા હોઈએ છીએ. 'હું આમ કરીશ કે અમે આમ કરીશું' થી લઈને આવનાર બાર મહિનામાં કરવા માંગતા કામોનો એક **ગોલ સેટ** કરવો અને એને **પૂર્ણ કરવા માટેનો નિર્ણય** લેવો. જો કે મોટા ભાગના આવા સંકલ્પો પંદરેક દિવસમાં કે પછી બહુ બહુ તો સંક્રાંતિ સુધીમાં પતંગોની સાથે સાથે ઉડનછું થઈ જાય છે અથવા તો ઢીલાં પડી જતા હોય છે. પરંતુ જો આવા સંકલ્પો લઈ શકો અને એનાથી પણ આગળ આ સંકલ્પોને આવનારા નવા વર્ષ સુધીમાં પૂરેપૂરા કે પછી અમુક હદ સુધી વળગી શકો કે પાળી શકો તોપણ અતિ ઉત્તમ છે. પરંતુ **અચરજની વાત** એ છે કે, દર નવા વર્ષે આપણે સંકલ્પો કરીએ છીએ અને **દર નવા વર્ષે સંકલ્પો બદલીએ છીએ, પરંતુ આપણે બદલાતાં નથી.** અસલમાં

સંકલ્પ બદલવાની નહિ પણ આપણે બદલાવાની જરૂર છે. સંકલ્પો લઈએ તે સારી વાત છે પણ નવા વર્ષે **મુસીબતો** તો એ જ જૂની ને જૂની રહેવાની. પરિસ્થિતિઓ થોડા ઘણા અંશે સારી કે ખરાબ હોય શકે પણ હશે તો એ જ. અર્થાત્ સંકલ્પો નવા હોય તો પણ **લડાઈ** તો એ જ **જૂની ને જાણીતી પરિસ્થિતિઓ સાથે** રહેવાની અને એમાં **જો જીત મેળવવી હોય તો** સંકલ્પ નહિ પણ **આપણે** બદલાવું પડે. પરિસ્થિતિ મુજબ **બદલાવું પડે** કે પછી પરિસ્થિતિનો તાગ મેળવીને એમાંથી **પાર નીકળવાનો સંકલ્પ** લેવો પડે.

મકાન બનાવીશ, કાર લઈશ, વિદેશ જઈશ કે પછી સારા-નરસા પ્રસંગો કરીશ પણ આગળ દર નૂતન વર્ષે એક સંકલ્પ લેવા જેવો છે અને તે એ છે કે હું ખુશ રહીશ. **'દુનિયામેં કિતના ગમ હૈ મેરા ગમ (સૂઝ - પહોંચ) કિતના કમ હૈ...'** આ સૂત્રને અપનાવીશ. મુશ્કેલી તો ક્યાં નથી હોતી અને કોની જિંદગીમાં નથી હોતી ? આપણે જ આપણા **વીતેલા વર્ષના ફોલ્ડરમાં** નજર નાખીએ તો કંઈક એવી **ફાઈલ** મળશે જે કરપ્ટ હશે ! ગમ અને દુઃખના વાયરસથી ભરપૂર હશે... એને **ડીલીટ** મારવી પડે તો મારી દેવી ને જો એમ લાગે કે એમાં કોઈ **અગત્યની યાદો**-માહિતી છે તો પાછી એને પોઝીટીવીટીના એન્ટી-વાયરસથી ક્લીન કરવી પડે. જીવનના કોમ્પ્યુટરમાં સેવ કરેલી બધી ફાઈલો ડીલીટ મારવા જેવી થોડી હોય છે ? એમાંથી આવી **અમુક ફાઈલો**ને ક્લીન કરીને પણ સાચવી રાખવી પડે તો જ ખબર પડે ને ? કે ક્યો ડેટા **સ્ટોરેજ** કરવાથી ફાઈલ કરપ્ટ થઈ જાય છે.

**સંકલ્પ કરવો જ હોય તો** ગયા વર્ષે જે તૂટવો ન જોઈએ એવો હોવા છતાં પણ **તૂટી ગયેલ** કોઈ **સંબંધ**ને ફરીથી **જોડવાનો** કરવો. એકાદ એવો સંબંધ શોધી કાઢવો કે જીવનની ઘટમાળમાં એ તમારાથી છૂટી ગયો હોય કે જેના સાથે વીતાવેલા આહ્લાદક સંબંધોની યાદ હજુયે દિલના કોઈક ખૂણે વાસંતી વાયરો વહેવડાવતી હોય તો એવા કાંઈક ભૂલાયેલા ચહેરાને ફરી યાદ કરી જોવો અને શક્ય હોય તો રીકનેક્ટ કરી લેવો. **સંકલ્પ લેવો જ હોય તો** કોઈ એવા નિર્ણયને કેન્સલ કરવાનો લેવો કે જે કોઈ નબળી ક્ષણે વગર વિચાર્યે લઈ લીધો હોય. સંકલ્પ લેવો જ હોય તો આવનારા વર્ષમાં વધુ આનંદ, વધુ મિલનસાર, વધુ બેલેન્સ બનીશ એવો લેવો. બાકી નવા વર્ષે તો તારીખિયું કે કેલેન્ડર જ નવું હશે...!! જેટલા દિવસ નવા વર્ષ માટે નવી-નવી ફરસાણી વાનગીઓ કે પકવાનો બનાવ્યા હશે તે જેટલા દિવસ ચાલશે તેટલા દિવસ નવા વર્ષનો સંકલ્પ રીમાઈન્ડીંગ થતો રહેશે. પછી થોડા દિવસો ઉજાણી અને ઉત્સવનું વાતાવરણ રહેશે પણ પછી તો **'જિંદગી અપની ફિતરત (પ્રકૃતિ) દિખાયેગી હી...'** બની શકે તો આ વર્ષે રૂટીનથી થોડું હટીને જીવીશ એવો સંકલ્પ પણ કરાય ને ? આવનારા વર્ષમાં નાની ખુશીઓને ભરપેટ માણીશ, જે છે એમાં ખુશ રહેવાની સાથે-સાથે વર્ષમાં એકાદ એવા ચહેરા પર ખુશી પ્રસરાવીશ કે જેણે સદાય ગમની કાળીચૌદશ જ જોઈ હોય અને સૌથી મહત્ત્વનું કે હું ખુશ રહીશ. મુશ્કેલીઓથી ડગીશ નહી અને જિંદગીને જીવીશ... ભરપૂર... સદાબહાર અને ગમતી ક્ષણો, વ્યક્તિઓ અને ઘટનાઓની ઉજવણી કરતો રહીશ.




જિંદગી એ **ત્રણ પાનાંનું પુસ્તક** છે. બે પાનાં તો પરમાત્માએ **અગાઉથી જ** લખી નાખ્યાં છે. આ બે પાનાંમાં **પહેલું પાનું** છે જન્મ. અને **ત્રીજું પાનું** છે મૃત્યુ. માત્ર **વચ્ચેનું પાનું** ભગવાને **આપણા માટે** છોડ્યું છે. આ પાનું એટલે **જિંદગી.**

નવું વર્ષ બેઠું એટલે તમે તમારા ઘરમાં અને ઓફિસમાં **કેલેન્ડર બદલ્યું** હશે, એનો **અર્થ** એ છે કે વર્ષ બદલાયું છે એ તમે જાણો છો પણ વર્ષ બદલાતા તમે પણ બદલાયા છો ખરા ? વીત્યા વર્ષમાં તમારામાં જે ખામીઓ, કમજોરીઓ હતી એ બધી એમની એમજ રહી છે કે સંકલ્પ કરીને તમે એને યા એમાંની કેટલીકને દૂર કરી છે ? આ પ્રશ્નનો ઉત્તર જો **હા**માં હોય તો તમને નવા વર્ષની **શુભકામના.** જો નકારાત્મક હોય તો પછી તમારા જીવનમાં નવું વર્ષ આવ્યું જ નથી. નવું વર્ષ **નવા સંકલ્પો, નવા નિર્માણનો તહેવાર** છે, નવા **કેલેન્ડર**નો નહિ...!!!

નવું વર્ષ શરૂ થયું. માણસને શું ફેર પડે છે ? વર્ષ તો આવે અને જાય. આપણે ન હતા ત્યારે પણ વર્ષ બદલાતું હતું, આપણે નહીં હોઈએ ત્યારે પણ વર્ષ બદલાશે. રોજ જેવી જ સવાર છે અને દરરોજ જેવી જ રાત હશે. માત્ર કેલેન્ડર બદલાય છે, બીજું કશું જ નહીં. આવું વિચારવું હોય તો વિચારી શકાય.

એ સિવાય થોડુંક જુદી રીતે પણ વિચારી શકાય. આ વર્ષથી નવી શરૂઆત થાય છે. નવી કૂંપળ ફૂટે છે. આ કૂંપળમાંથી ધીમે ધીમે ફૂલ બનશે. સૂરજના પહેલા કિરણ જેવી નજાકત (નાજુકતા - કોમળતા) આ નવા વર્ષના પહેલા દિવસમાં છે. દરેક નવી શરૂઆત સાથે જિંદગીમાં પણ કંઈ નવીનતા ઉમેરાવી

જોઈએ, કારણ કે જિંદગીથી ઉત્તમ અને જિંદગીથી સુંદર કંઈ જ નથી. અંગ્રેજીમાં **એક વાક્ય** છે **'Nothing Is Larger Than Life.'** - જિંદગી કરતા કાંઈ મોટું નથી.

ગયા વર્ષની **કઈ** એવી **ઘટના** છે જે તમને મમળાવવાનું મન થાય છે ? ગયા ૩૬૫ દિવસમાં ક્યો દિવસ તમારા માટે **બેસ્ટ ડે ઓફ ધ યર ?** ક્યું દૃશ્ય તમને યાદ આવે છે ? તમારી સાથે શું સારું બન્યું ? યાદ કરવા માટે વિચાર કરવો પડે છે. કારણ કે, આપણે સારું ઝડપથી ભૂલી જઈએ છે. આપણે ચુંબનને ભૂલી જઈએ છીએ ને થપ્પટને યાદ રાખીએ છીએ.

જિંદગી કેવી છે ? દોસ્તી યાદ રાખવી પડે છે અને નફરત ભૂલાતી નથી. ફ્રેન્ડશિપ **'ફ્રેશ'** નથી અને નફરતમાં **'ગ્રેસ'** નથી. જિંદગી **'ગ્રેસફૂલ'** હોવી જોઈએ. ગમે તે થાય હું મારો 'ગ્રેસ' ગુમાવીશ નહીં. દરેક જિંદગીની એક **ભવ્યતા** છે. તમારી જિંદગી કેટલી **જાજરમાન** (જાગ્રત - સાવધ) છે ? તમને તમારું કેટલું ગૌરવ છે ? આજે નવા વર્ષના શરૂઆતે તમને એમ કહેવામાં આવે કે તમારે એક વ્યક્તિને માફ કરવાની છે તો તમે કોને માફ કરો ? એક ઘટના તમારે કાયમ માટે ભૂલી જવાની છે, તો તમે કઈ ઘટના ભૂલી જાવ ?

એક માણસ સંત પાસે ગયો. સંતને પૂછ્યું : ''માણસ દુઃખી શા માટે થાય છે ?'' સંતે કહ્યું : ''સાવ સરળ ને સીધું કારણ છે. માણસ દુઃખી એટલા માટે થાય છે કે, જે ભૂલવાનું હોય એ ભૂલતો નથી અને જે યાદ રાખવાનું હોય એ ભૂલી જાય છે. આ ક્રમને ઉલટાવી નાખો તો સુખ જ સુખ છે.''

જિંદગી એ **ત્રણ પાનાંનું પુસ્તક** છે. બે પાનાં તો પરમાત્માએ **અગાઉથી જ** લખી નાખ્યાં છે. આ બે પાનાંમાં **પહેલું પાનું** છે જન્મ. અને **ત્રીજું પાનું** છે મૃત્યુ. માત્ર **વચ્ચેનું પાનું** ભગવાને **આપણા માટે** છોડ્યું છે. આ પાનું એટલે **જિંદગી.** તમારે આ પાનાંમાં શું લખવું છે ? આ પાનામાં તમારે કેવું ચિત્ર દોરવું છે, સોહામણું કે બિહામણું ? કેટલું રડવું છે અને કેટલું હસવું છે ? કેટલો પ્રેમ કરવો છે અને કેટલી નફરત ? પસંદગી તમારે કરવાની છે.

જિંદગી જીવો, કારણ કે જિંદગી બીજી વખત નથી મળવાની. આપણે ઘણા પ્રશ્નોમાં કારણ વગરના ઉલઝતા હોઈએ છીએ. તમને ક્યારેય એવું લાગે છે કે આપણે જિંદગીને વધુ પડતી ગંભીરતાથી લઈએ છીએ ? જિંદગી ગંભીર છે જ નહીં. જિંદગી તો સાવ હળવી છે. આપણે તેને ભારે અને ગંભીર બનાવી દઈએ છીએ. આપણે આપણો **'ગ્રેસ'** અને **'ગૌરવ'** ગુમાવી દઈએ છીએ. ગમે તે થાય જિંદગીમાં 'ગ્રેસ' ન ગુમાવો. પ્રેમમાં પણ નહીં અને નફરતમાં પણ નહીં.

એક માણસે તેના મિત્રને પૂછ્યું : ''પ્રેમ કરવો અઘરો કે નફરત ?'' મિત્રએ જવાબ આપ્યો : ''નફરત કરવી વધુ અઘરી છે, કારણ કે નફરતમાં વધુ 'ગ્રેસ'ની જરૂર પડે છે. દોસ્તી રાખવી સહેલી છે પણ દુશ્મની નિભાવવી અઘરી છે. ગમે એવી નફરત હોય તો પણ માણસે મક્કમ રહેવું જોઈએ કે 'ના હું આવું તો નહીં જ કરું. હું મારું **ગૌરવ** ગુમાવીશ નહીં.' ઘણી વખત માણસનું **સાચું માપ** દોસ્તીમાં નહીં પણ નફરતમાંથી નીકળે છે.''

બે મિત્રો હતા. બંને વચ્ચે કોઈ બાબતે મનદુઃખ થયું. બંને જુદાં પડી ગયા. એક વખત એક મિત્રને કોઈકે કહ્યું : ''પેલો તારો મિત્ર તો તારા વિષે એલફેલ બોલતો હતો, 'તું સારો નથી', એવું પણ કહેતો હતો.'' આ વાત સાંભળીને બીજા મિત્રએ કહ્યું : ''આ વાત ખોટી છે, એ મારા વિષે આવું બોલે જ નહીં. કારણ કે હું એ માણસને ઓળખું છું. આજે ભલે અમે જુદાં છીએ પણ એકસમયે અમે ભરપૂર દોસ્તીને માણી છે. તે મારા વિષે કેવું વિચારી શકે એ હું વિચારી શકું છું. ભલે અમે જુદાં થઈ ગયા પણ મને મારા મિત્રનું ગૌરવ છે.'' પેલા માણસે કહ્યું : ''હું તો માત્ર થોડુંક ખોટું બોલીને તને ચકાસતો હતો. તારા જૂના મિત્રએ તો એવું કહ્યું હતું કે, 'તું સારો છો.' અમુક બાબતે અમારે ન બન્યું પણ તેનો મતબલ એ નથી કે તે ખરાબ થઈ ગયા.'' આપણે તપાસવું : આપણા **કેટલા સંબંધ આ કક્ષા**ના છે...!! આપણે જુદા પડીએ પછી કેમ એકબીજાને બદનામ જ કરીએ છીએ ?

બે મિત્રો વચ્ચે ઝઘડો થયો. એકે કહ્યું કે, ''આપણો સંબંધ આજથી પૂરો.'' બીજા મિત્રએ કહ્યું કે, ''હશે. આપણો એક સંબંધ પૂરો થયો અને કદાચ નવો, જુદો અને નફરતનો સંબંધ શરૂ થાય છે. આ પણ એક સંબંધ નથી ? નફરતથી પણ આપણે એકબીજાને યાદ તો કરવાના જ છીએ. ચાલ, છૂટા પડતી વખતે એક નિર્ણય કરીએ કે જ્યારે યાદ કરીશું ત્યારે આપણે આપણા સારા દિવસો અને સાથે વીતાવેલો શ્રેષ્ઠ સમય યાદ કરીશું. દોસ્તુ, પૂરું તો એક દિવસ બધું જ થવાનું છે. જિંદગી પણ. નફરત સાથે શા માટે કંઈ પૂરું કરવું ? અને હવે સંબંધ પૂરો જ કરવાનો છે તો પછી પ્રેમથી પૂરો કરીએ.''

જિંદગીમાં કંઈ જ **પરમેનન્ટ** નથી. અરે ! જિંદગી ખુદ ક્યાં પરમેનન્ટ છે ? જે છે એ આજ છે, જે છે એ અત્યારે જ છે. અત્યારે જે છે એ જ જિંદગી છે. તમને જિંદગીથી પ્રેમ છે ? તો આ ક્ષણ જીવી જાણો. નક્કી કરો કે હું મારી જિંદગી ભવ્યતાથી જીવીશ. પરમાત્માએ આ જિંદગી દુઃખી થવા માટે નથી આપી, તેમણે તો જીવવા માટે આપી છે. નવા વર્ષનો પ્રારંભ એવા સંકલ્પથી કરો કે જિંદગીની કોઈ ક્ષણ હું વેડફીશ નહીં, હું દરેક ક્ષણ જીવીશ. કારણ કે જિંદગી જીવવા માટે છે, કેમ કે જિંદગી **ખૂબસૂરત** છે. જિંદગી તમારી **રાહ** જુએ છે, તમે એને ગળે વળગાડી લો. જિંદગીને ખૂબ પ્રેમ કરો. માત્ર નવા વર્ષના નવલા દિવસોમાં જ નહીં, પરંતુ પૂરેપૂરી આખે આખી **સંપૂર્ણ** સુંદર **જિંદગી**ની શુભકામનાઓની સાથે.

નવા વર્ષને આવકારવા માટેની **અભૂતપૂર્વ તૈયારીઓ**નો

અંત જ નથી આવતો. નવા વર્ષના દિવસે લોકો સવાર-સવારમાં જ સુધરી ગયેલા નજરે ચઢે છે. આમ દિવસોમાં નવ-નવ વાગ્યા સુધી ઘોરનારી પ્રજા પ્રાતઃકાળના પાંચ વાગ્યે ઊઠી જાય છે. સામાન્ય દિવસોમાં વડીલોની વાતો એકેય કાનેથી ન સાંભળીને બંને કાને બહાર કાઢી નાખનારી પ્રજા નવા વર્ષના દિવસે કેડેથી નેવું અંશ કરતા પણ વધારે વાંકી વળી વડીલોને પગે લાગીને આશીર્વાદ મેળવે છે. સામે પક્ષે આખું વર્ષ પોતાનાથી નાનાઓને હડે-હડે કરનાર વડીલો પણ આજના દિવસે હસતા મોઢે આશીર્વાદ આપતા જોવા મળે છે. આમ દિવસોમાં મોટાભાગનો ફિઝૂલ સમય પાનના ગલ્લે કે શેરીના નાકે મૂકાવેલા બાંકડે પસાર કરતા લોકો નવા વર્ષના દિવસે સૌના આશ્ચર્ય વચ્ચે મંદિરમાં જોવા મળે છે. કાયમી પાનને ગલ્લે જોવા મળતી વ્યક્તિઓને ભગવાનના મંદિરમાં જઈને જોનારને પોતાની આંખો પર વિશ્વાસ નથી બેસતો. આખું વર્ષ જેને એસએમએસ કે વોટ્સએપ મેસેજ ન કર્યો હોય તેવી વ્યક્તિઓને ફોન જોડીને **નવા વર્ષની શુભેચ્છાઓ** પાઠવવામાં આવે છે. બજારમાં ભેગા થાય ત્યારે કાયમ લટકતી સલામ ઝીલતા અને લટકતી સલામ કરતા આપણા ઓળખીતા પણ આજના દિવસે મંદિરમાં કે બજારમાં સામે મળે ત્યારે 'ઘરે આવો નવા વરસમાં' આ પ્રકારનું આમંત્રણ આપે છે. આડે દિવસે ચપટી મીઠું પણ ઉછીનું ન આપનાર પડોશી નવા વર્ષે તમને ઘરે બોલાવીને મીઠાઈ ખવડાવે છે. આડે દહાડે માત્ર હાથરૂમાલ કાઢવા માટે ખિસ્સાની અંદર જતા હાથ નવા વર્ષના દહાડે પાંચનો સિક્કો અથવા દસની નોટ બહાર કાઢી આપવા લાયક માણસોને આપે છે. દિવેલ પીધેલા જેવું મોઢું રાખીને ફરનારા માણસો આજના દિવસે કમસે કમ હસતું વદન રાખીને ફરતા જોવા મળે છે. દરેક દિવસની જેમ નવા વર્ષનો દિવસ પણ ચોવીસ કલાક બાદ પૂરો થઈ જાય છે. નવો નક્કોર અને સીધોસાદો બનેલો માણસ પણ નવા વર્ષનો પહેલો દિવસ આથમતાં જ ફરી પાછો જૂનો અને હતો એવોને એવો જ થઈ જાય છે. એ જ ગલ્લા પર ઊભો ઊભો પછી તે મસાલા ઘસતો અને ગલીના નાકે બાંકડા ઘસતો થઈ જાય છે.

બેસતા વર્ષે મલકાતું મોઢું રાખીને ફરતો મનુષ્ય બીજા દિવસથી ફરી પાછો માર ખાધેલું મોં રાખીને ફરતો થઈ જાય છે. નવા વર્ષના ઉત્સાહનો સેન્સેક્સ બીજા જ દિવસે ઓચિંતો તળિયે આવી જાય છે. આજુમાં રહેતા મગનભાઈ અને બાજુમાં રહેતા છગનભાઈ ફરી પાછા નકામા, નઠારા અને સવાર-સવારમાં મોઢું જોયું હોય તો આખો દિવસ બગડી જાય એવા લાગવા માંડે છે. વરસ બેઠાના બીજા જ દિવસથી વડીલો નાહકની સલાહ આપનારા અને ખોટી ટકટક કરનારા લાગવા માંડે છે અને વડીલોને પણ આજકાલના જુવાનિયા નવરી બજાર જેવા અને બેજવાબદાર લાગવા માંડે છે. બેસતા વર્ષે એક દિવસ પૂરતું **ઉદાર** થઈ ગયેલું દિલ ફરી પાછું કંજૂસ કાગડો બની જાય છે. માણસ એની આદતો, એની કુટેવો, એની માન્યતાઓનો કહ્યાગરો ગુલામ છે. એકાદ દિવસ પૂરતો તે કદાચ આ ગુલામીની સાંકળ છોડીને **જુદો માનવ** બની જાય છે. એની અંદર આવતો બદલાવ એ મેક-અપ જેવો કે પછી કાચા રંગ જેવો સાબિત થાય છે જે એ દિવસ-જીવી જ નીવડે છે. નવા વરસના સપરમા દિવસે લીધેલા સંકલ્પો પણ ફ્રિઝરમાંથી કાઢેલા બરફના ચોસલાની જેમ ધીરે-ધીરે ઓગળી જાય છે. સંકલ્પો ધારણ કરતી વખતે દેખાતું શૂરાતન સંકલ્પો પાળતી વખતે જોવા મળતું નથી. ટૂંકમાં, રેપર બદલાય છે પણ અંદરનો માલસામાન તો એ જ જૂનો પુરાણો હોય છે. બાકી, નશાથી જ મતલબ રાખનારા લોકો નવી બોટલમાં જૂનો દારુ ભરીને આપો તોપણ એટલી જ મજાથી તેને ગટગટાવી જાય છે...!!!

એવું ઠોસ નથી હોતું કે આપણે **દર વર્ષે** આવતા **નવા વર્ષે** આપણે **નવું જીવન** જીવીએ, પરંતુ જ્યારે કોઈ **સત્પુરુષનો પ્રસંગ** દૃઢપણે થઈ જાય ને તેની જીભ વળે તેમ **આપણું જીવન** બનવા માંડે તે દિવસથી જ આપણા માટે **જિંદગીનું નવું વર્ષ** ચાલુ થઈ ગયું તેમ કહેવાય. બાકી તો જિંદગીમાં કેટલાય નવા વર્ષો આવે ને જાય, જેમ 'દિવસ પછી રાત્રિ ને રાત્રિ પછી દિવસ' પણ જીવનમાં **કાંઈ ફેરફાર ન થાય તો** એ નવા વર્ષનો દિવસ આપણા માટે **સામાન્ય દિવસ** છે. તેમાં ફક્ત આપણો અતકર્ય ચોખ્ખો દંભ દેખાડવામાં આવે છે : નવા કપડાંથી, વડીલોને દેહથી નમન કરવાથી, બાળકોને દંભથી આશીર્વાદ આપવાથી, મંદિરે જવાના શુટીંગથી કે તે દિવસે સજ્જન થવાના એકટીંગથી.

એક ગુરુજીને એમના શિષ્યે **પ્રશ્ન** પૂછ્યો : ''ગુરુજી ! આ દુનિયામાં પથ્થર સૌથી વધારે કઠણ ગણાય છે, પરંતુ શું એનાથી પણ વધારે કોઈ વસ્તુ કઠણ હશે ખરી ?''

''હા, વત્સ ! પથ્થર કરતા વધારે કઠણ વસ્તુ છે પાણી.'' ગુરુજીએ જવાબ આપ્યો.

શિષ્યને આશ્ચર્ય થયું : ''ગુરુજી ! આપની વાત ગળે ઊતરતી નથી. પાણી વળી પથ્થર કરતા વધારે કઠણ કેવી રીતે હોઈ શકે ?''

ત્યારે ગુરુજી બોલ્યા : ''કારણ કે પાણી સતત વહેતું રહે છે અને એની વહેતી ધાર ગમે તેવા કઠણ પથ્થરને પણ કાપી શકે છે.''

''આભાર, ગુરુજી ! આપની વાત સાચી છે. હવે મને એ કહો કે પાણી કરતા પણ કઠણ કોઈ વસ્તુ છે ખરી ?''

''હા, પાણી કરતા વધારે કઠણ છે અગ્નિ. કારણ કે, અગ્નિ પાણીને પણ બાળી શકે છે. એને ખતમ કરી શકે છે.'' ગુરુજીએ જવાબ આપ્યો.

''અને અગ્નિ કરતા વધારે કઠણ ?'' શિષ્યે પ્રશ્ન કર્યો.

ગુરુજીએ હસતાં હસતાં જવાબ આપ્યો : ''વત્સ ! અગ્નિ

કરતા વધારે કઠણ છે મેઘની જલધારા. બેઠા પાણીની અને વર્ષાની જલધારા બંને અલગ છે. અગ્નિ બેઠા અને સ્થિર પાણીને બાળી શકે છે પણ પોતાના પર ધારા રૂપે પડતા મેઘના જળને બાળી નથી શકતું. કારણ કે એ અવિરત વહ્યા જ કરે છે. અને અગ્નિને ઠારી શકે છે, માટે અગ્નિ કરતા વધારે કઠણ અને મજબૂત છે મેઘની જલધારા.''

શિષ્યને ખૂબ આનંદ આવી રહ્યો હતો. ગુરુજીના એક-એક જવાબથી એના જ્ઞાનમાં વધારો થઈ રહ્યો હતો. એણે આગળ પ્રશ્ન કર્યો : ''ગુરુજી ! મેઘ કરતા વધારે બળવાન કોઈ ખરું ?''

''હા, મેઘની જલધારા કરતા વધારે બળવાન છે વાયુ ! કારણ કે, વાયુ વરસાદની ધારાને, મેઘની ધારાઓને અને પાણી ભરેલા કાળા ડિંબાગ વાદળોને છિન્ન-ભિન્ન કરી શકે છે.'' ગુરુજી શિષ્યના પ્રશ્નનો જવાબ આપે છે.

''અને વાયુ કરતા કોણ બળવાન ?''

ગુરુજી કહે : ''વાયુ કરતા પણ વધારે બળવાન છે **સંકલ્પ.** કેમ કે, સંકલ્પને કોઈ પથ્થર, પાણી, અગ્નિ, મેઘ કે વાયુ ડગાવી શકતા નથી. ખતમ કરી શકતા નથી કે છિન્ન-ભિન્ન પણ કરી શકતા નથી. સંકલ્પ **સૌથી બળવાન** અને **મજબૂત** છે.'' ગુરુજીએ જવાબ આપ્યો. પછી શિષ્યને આગળ પ્રશ્ન જ કરવો ન પડ્યો.

સંકલ્પો **બે પ્રકાર**ના હોય છે : ૧. શુભ સંકલ્પ અને ૨. અશુભ સંકલ્પ. ઘણીવાર ઈર્ષ્યાથી પ્રેરાઈ લોકો અન્યના **અહિત**ના કે **મૃત્યુ**ના સંકલ્પો કરતા હોય છે.

આવા સંકલ્પો **અશુભ** હોવા છતાં જો ખૂબજ પ્રબળતાથી કરવામાં આવે તો **સાકાર** પણ થતાં હોય છે. પરંતુ આવા દુષ્ટ સંકલ્પો કરનાર એ જાણતા નથી હોતા કે એ જેટલી પ્રબળતાથી બીજાના **અહિતના સંકલ્પો** કરતા હોય છે ત્યારે એટલું જ અહિત તેનું પણ થતું હોય છે. કારણ કે, સાયન્ટિફિકલી એ બધા જ **નેગેટીવ વાઈબ્રેસન્સ** એમનામાં પ્રવેશતા હોય છે.

આ વાત ઉપજાવી કાઢેલી નથી. જગત આ વાતનું **સાક્ષી** છે. દુર્વાસાએ અંબરીષને મારવા ઉત્પન્ન કરેલી રાક્ષસીઓને અંબરીષની કલ્યાણકારી દૃષ્ટિવાળું સુદર્શન ચક્ર બાળતું - પાછળ ગયું હતું. તેટલું જ નહીં પણ દુર્વાસાએ ઉત્પન્ન કરેલો દુષ્ટ અને બીજાનું અહિત કરનારો સંકલ્પ પણ ખતમ થઈ ગયો હતો. અને એ દુર્ભાવ ખુદ એમને મારવા માટે દોડ્યો હતો એ **પૌરાણિક કથા** જાણીતી છે.



એવું ઠોસ નથી હોતું કે આપણે **દર વર્ષે** આવતા **નવા વર્ષે** આપણે **નવું જીવન** જીવીએ, પરંતુ જ્યારે કોઈ **સત્પુરુષનો પ્રસંગ** દૃઢપણે થઈ જાય ને તેની જીભ વળે તેમ **આપણું જીવન** બનવા માંડે તે દિવસથી જ આપણા માટે **જિંદગીનું નવું વર્ષ** ચાલુ થઈ ગયું તેમ કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણના છઠ્ઠીના દિવસે અસુર કાલિદત્તે બાળપ્રભુનો વધ કરવા **કોટરા-કૃત્યાઓ** ઉત્પન્ન કરીને બાળપ્રભુને મારવા મોકલી હતી. પરંતુ જેમ કોઈ સૂર્ય ઉપર ધૂળનો ખોબો ભરીને ઉડાડે ને તે ધૂળ પોતાની જ આંખમાં પડે તેમ બીજાનો વધ કરવા ઉત્પન્ન કરેલી કોટરા-કૃત્યાઓ પોતાના જ પ્રાણ લેવા દોડી. માટે શુભ સંકલ્પ કરવો એ સારી બાબત છે પણ ખરાબ સંકલ્પોથી ખોટી ચીજ આ દુનિયામાં બીજી કોઈ નથી.

દધીચિએ પરહિત સાધવા માટે પોતાનું શરીર આપ્યું હતું. તેથી પિપ્પલાદને **ઈર્ષ્યા** આવી. એણે **દુષ્ટ સંકલ્પ** કર્યો અને દુઃખી બનીને દેવોનો નાશ કરવા માટે કૃત્યાને મોકલી. પણ બીજાનું અહિત કરવા કરાયેલો એનો દુષ્ટ સંકલ્પ પૂરો ન થયો. નેગેટિવ વાઈબ્રેસન્સની અસર હેઠળ એણે જ ઉત્પન્ન કરેલી કૃત્યા એને હણવા દોડી હતી. તેથી અન્ય માટે **શુભ** અને **કલ્યાણકારી** જ **સંકલ્પ** કરવા એ જ બાબતનું **લક્ષ્ય** હોવું જોઈએ. શુભ વાઈબ્રેસન્સના લીધે આપણું પણ શુભ થશે. કોઈ માણસ ભલે દુર્બળ હોય અને બીજાના બળ અને શક્તિ માટે સંકલ્પ કરે તો એ પણ બળવાન થતા હોય છે. એટલું જ નહીં પણ અન્યના હિતના સંકલ્પો વારંવાર કરવાથી તે દુર્બળ મનુષ્યોને આરોગ્ય અને સામર્થ્ય પાછા મળતાં હોય છે. તેથી જ **મહાત્મા ગાંધીજી** કહેતા : ''સંકલ્પ વિનાનું જીવન પડ્યા વિનાના ઘર જેવું છે, જાણે કે કાગળના જહાજ જેવું છે.''

નવા વર્ષના આરંભમાં તમે તમારા ધર્મ, શહેર, વતન કે રાષ્ટ્ર માટે કોઈ **સંકલ્પ** કર્યો છે ? સંકલ્પ એવો જ કરવો જોઈએ કે જેને લીધે આપણી **ભાવિપેઢી**માં નવા સંસ્કારોનું સિંચન થવાની સાથે તેઓ **સારા નાગરિક** પણ બને.

નવા વર્ષની શરૂઆતની સાથે નવા વિચારો, નવી પ્રતિજ્ઞા અને નવા સંકલ્પની શરૂઆત થતી હોય છે. આજે નવા વર્ષના પ્રારંભે સ્વાભાવિક રીતે મોટા ભાગના લોકોએ મનોમન પોતાનો સંકલ્પ કરી લીધો હશે, પરંતુ આંતરિક અને પારિવારિક રીતે સંકલ્પ કરવાની સાથોસાથ આપણે સૌએ **માનવીય ધર્મ**ને અને આપણે જ્યાં રહીએ છીએ એ શહેર કે વતનને ધ્યાનમાં રાખીને પણ **સંકલ્પ** કરવો જોઈએ. આ સંકલ્પ એવો હોવો જોઈએ કે જેને લીધે માત્ર આપણામાં જ નહીં, આપણાં બાળકોમાં પણ માણસાઈના નવા સંસ્કારોનું સિંચન થાય અને

તેઓ વધુ સારા નાગરિક બનવાની દિશામાં આગળ વધે. આ **બહુ જરૂરી** છે એક રાષ્ટ્ર માટે, એક રાજ્ય માટે, શહેર માટે અને પોતાના કુટુંબ-પરિવાર માટે પણ.

નૂતન વર્ષે નવા નકોર તાજા સંકલ્પ કરતા પહેલા દૃઢ **સંકલ્પ શક્તિનું શું પરિણામ** છે, શું સંકલ્પ કરાય તેને વિષે જરા ડોકિયું કરીએ :

'सर्वे सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत ।' - સર્વ સુખને પામે, નીરોગી રહે, કલ્યાણકારી દૃષ્ટિ મેળવે, કોઈને કદી દુઃખ આવે નહીં. આ ભાવ પાછળ સ્વ-કલ્યાણનો **શુભ હેતુ** પણ પરોક્ષ રીતે છુપાયેલો છે. અને સંકલ્પ બળની **શુભ અસરનું વિજ્ઞાન** પણ છુપાયેલું છે.

વિશ્વામિત્રે માત્ર એમની દૃઢ સંકલ્પ સિદ્ધિના બળ પર **પ્રતિ સૃષ્ટિ** ઊભી કરી હતી. વસિષ્ઠ ઋષિએ **ગંગા નદી**ને આ **ભૂતલ પર** ઉતારી તે સંકલ્પશક્તિના બળથી જ. સતી સાવિત્રી માત્ર એની સંકલ્પશક્તિના બળને આધારે એના પતિનો પ્રાણ પાછો ખેંચી લાવ્યા હતા.

નેપોલિયન બોનાપાર્ટે **સુએઝ નહેર** ખોદવાનું કામ ચાલું કર્યું. ચાલુ કામ દરમ્યાન બેસેપ્ટ ભેખડ ધસી પડી. અધિકારીઓ અને કારીગરોએ આગળ કામ કરવાની ના પાડી. પરંતુ નેપોલિયનનો સંકલ્પ બહુ જ **મજબૂત** હતો. એણે કહ્યું : "નહેર ખોદવાની છે એ મારો **સંકલ્પ** છે. એને પૂર્ણ કર્યા વિના હું નહીં રહું. ભેખડ દસ વાર પડે કે સો વાર, તમે ખોદવાનું ચાલું રાખો." આ રીતે એણે એનો સંકલ્પ **પૂર્ણ** કર્યો.

દૃઢ સંકલ્પ સિદ્ધ જ થાય છે. સાચા મન અને સાચી મહેનતથી કરેલા **સંકલ્પ** કદી અધૂરા રહેતા નથી. **પૂર્વ શરત** બસ એટલી જ છે કે સંકલ્પની સિદ્ધિ વિષે મનમાં શંકા-કુશંકા ન જણાવી જોઈએ.



નૂતન વર્ષે સૌ નવું જીવન જીવવાની પ્રેરણા સાથે જૂના વેર-ઝેર ભૂલે છે, પ્રેમ ને આત્મીયતાથી મળે છે, વર્ષને વધાવવા એકબીજાના મંગળની ભાવના નવા ઉત્સાહથી વ્યક્ત કરે છે. એ જ જીવતરમાં **પરિવર્તન** કર્યું કહેવાય !

### પહેલો સંકલ્પ : કોઈનું પેટ ઠારીશ

મુંબઈ જેવા શહેર માટે એવું કહેવાય છે કે, 'રોટલો મળે પણ ઓટલો ન મળે.' ત્યાં ઓટલો મોંઘો છે પણ રોટલો સસ્તો છે, પરંતુ હકીકત એ છે કે મુંબઈમાં પણ ઓછામાં ઓછા **વીસ ટકા** લોકો એવા છે જેમને બે ટાઈમનું જમવાનું નથી મળતું. મુંબઈમાં રહેતા લોકોમાંથી **ચાર ટકા** લોકો એવા છે જેમને એક ટાઈમનું પણ જમવાનું નથી મળતું. જો બાકીના **૯૬ ટકા લોકો** આ ચાર ટકા લોકોના જમવાની જવાબદારી ઉપાડી લે તો એમાં ખોટું શું છે ? આપણે તેમને લાચાર અને આળસુ નથી બનાવવા, આપણે તો તેમને માત્ર તેમના મજબૂરીના આ સમયમાં સાથ આપવો છે. આ નવા વર્ષમાં ખાલી એટલું નક્કી કરો કે દિવસમાં માત્ર એક જણને પણ હું જમાડીશ.. પૈસા કોઈને હાથમાં આપવાના નથી અને કોઈને ફાઈવસ્ટાર હોટેલમાં લઈ જઈને જમાડવાના પણ નથી. એવું પણ કહેવાનો અર્થ નથી કે તમે તેને સૌથી સારું ખવડાવો. યથાશક્તિ ખવડાવો અને તમારી ઈચ્છા મુજબનું જમાડો, પણ મહત્ત્વનું એ છે કે તમે કોઈ ભૂખ્યાની ભૂખ ભાંગો. આ **માનવીય ધર્મ** છે. આવો કોઈ સંકલ્પ ન જ લેવાનો હોય, પણ હકીકત એ છે કે હવે આ માનવીય ધર્મ ભૂલાઈ રહ્યો છે એટલે આજના દિવસે એને સંકલ્પ બનાવીને **કાયમ માટે યાદ** રાખીએ.

### બીજો સંકલ્પ : નીડર બનીશ

મુંબઈ જેવા શહેરો માટે આ સંકલ્પ બહુ જરૂરી છે. કારણ કે મોટા શહેરોમાં હવે રહેવું હશે તો નીડર બનવું પડશે. નીડર એટલે કહેવાનો અર્થ એવો નથી કે લડાઈ કરવા જવું જોઈએ પણ કહેવાના અર્થ છે કે કોઈની હિંસા થતી હોય તો ચૂપ રહીને જોવાને બદલે એનો સામનો કરવાની **હિંમત** કેળવવી પડશે. આપણી આજુબાજુમાં ધોળે દહાડે એકબીજાને મારી નાખવાની ઘટનાઓ બને છે તેમ છતાં કોઈ ત્યાં મદદે નથી જતું. આપણી આજુબાજુમાં થતી હિંસાને અટકાવવાનું તો શાસ્ત્રોમાં કહેવાતું આવ્યું છે.

### ત્રીજો સંકલ્પ : ભ્રષ્ટાચારથી દૂર રહીશ

લાંચ લેવી અને લાંચ આપવી એ તો ભ્રષ્ટાચાર છે જ, પણ લાંચની લેતીદેતીની જાણકારી હોવા છતાં એનો વિરોધ ન કરવો એ પણ ભ્રષ્ટાચાર જ છે. અણ્ણા હઝારેની ચળવળમાં જોડાવા ન જઈ શકો તો વાંધો નહીં, ઘેર બેઠાં ખાલી એટલું નક્કી કરી લો કે, 'આજ પછી ક્યારેય કોઈને ખોટી રીતે પૈસા ખવડાવીને ખરાબ કામ નહીં કરું કે પૈસા ખાઈને ખરાબ કામ નહીં કરી આપું.' આ **પ્રતિજ્ઞાનું પાલન** થાય એ રીતે જીવવાનું ચાલુ કરશો તો આપોઆપ **આત્મબળ** મજબૂત બનશે અને હિંમત ખુલવા માંડશે. જો તમે સાચા હશો તો સામેવાળાએ ઝૂકીને તમારું કામ કરવું પડશે અને તે કામ કરશે જ. પરંતુ તમારા મનમાં સહેજ પણ પાપ હશે તો તમારું મન ભ્રષ્ટાચારને પોષવાની દિશામાં આગળ વધશે.

### ચોથો સંકલ્પ : જરૂરિયાતમંદને મદદ કરીશ

અહીં કહેવાનો **ભાવાર્થ** એવો નથી કે, તમે માત્ર

સમાજસેવામાં જ લાગી જાઓ. જો એમ થઈ શકતું હોય તો તો બહુ સારી જ વાત છે. પરંતુ ધારો કે તમારાથી એવું ન થઈ શકે તો અનાયાસ સામે આવી જતી **સમાજસેવા** કરવાની **તક** ઝડપી લો. આર્થિક રીતે નબળા કોઈ બાળકનો અભ્યાસ દત્તક લઈ શકાતો હોય તો એ કરો. જરૂરિયાતમંદ લોકોને દવા લઈ આપવા જેવું કામ પણ અઠવાડિયામાં એક વાર થઈ શકે તો એ ઉત્તમ છે. જો આંખ ખુલ્લી રાખીને જોવાનુ ચાલુ કરશો તો આ પ્રકારની અનેક સમાજસેવા દરરોજ આંખ સામે આવશે. કહેવાય છે કે કોઈને તેના મુશ્કેલીના સમયમાં કરવામાં આવેલી મદદ તે ક્યારેય ભૂલતો નથી, પણ આપણે કોઈને યાદ રહે એ માટે **મદદ** નથી કરવી. આપણે તો સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવા માટે આ રીતે કોઈને ઉપયોગી થવાનું છે. ઘણીવખત એવું બનતું હોય છે આપણી આર્થિક મદદ કરવાની ક્ષમતા ન હોય, પણ આપણે એવી વ્યક્તિને ઓળખતા હોઈએ જે આ પ્રકારે કોઈને મદદ કરી શકતી હોય. એ રીતે તેના દ્વારા પણ મદદ કરવાની **સેવા** કરી ભગવાન શ્રીહરિનો **રાજીપો** પ્રાપ્ત કરી શકાય છે.

**પાંચમો સંકલ્પ : આગળ વધીશ**

આ સંકલ્પ વિકાસની દૃષ્ટિએ બહુ મહત્ત્વનો છે. ઘણીવખત એવું બનતું હોય છે કે કોઈ નાના અને છીછરા **મતભેદ** વચ્ચે માણસ અટવાઈ જાય છે અને પછી પોતાનો વિકાસ પોતે જ રૂંધી નાખે છે, પણ એવું કરવાને બદલે જો એ મતભેદને કાયમ માટે કાઢી નાખવામાં આવે તો વ્યક્તિનો વિકાસ સર્વાંગી બની રહે છે. આ દરેક ક્ષેત્રમાં લાગું પડે છે. એને પારિવારિક રીતે પણ અમલમાં મૂકી શકાય અને સમાજની દૃષ્ટિએ પણ અમલમાં મૂકી શકાય. જો મનમાં ગાંઠ હશે તો એ **મડાગાંઠ** સાથે ક્યારેય **વિકાસલક્ષી** બની નથી શકાતું અને એટલે ગાંઠને ઉકેલીને આગળ વધવાનું શરૂ કરો. જો કોઈ સાથે મતભેદ હોય તો આ નૂતન વર્ષના પ્રારંભે એ **મતભેદ ભૂલી**ને આગળ વધો. જો મતભેદ ન હોય તો નક્કી કરો કે એવું કોઈ પગલું ભરવું નથી કે જેને કારણે મતભેદ થાય. મતભેદ નહીં હોય ત્યાં વિકાસ ઝડપથી આવતો હોય છે.

કારતક સુદ પડવાનો દિવસ એ **વિક્રમ સંવત્સરી**ના **નૂતન વર્ષ**નો પ્રારંભ. ભગવાન શ્રી વ્યાસ કહે છે : 'यो यादृशेन भावेन तिष्ठत्यस्यां युधिष्ठिर ! । हर्षदैन्यादिरूपेण तस्य वर्षं प्रयाति वै ।।' - 'હે યુધિષ્ઠિર ! જે વ્યક્તિ નૂતન વર્ષના દિવસે આનંદમાં રહે છે તેનું આખું વર્ષ **આનંદ**માં વીતે છે. જે દુ:ખમાં રહે છે તેનું આખું વર્ષ દુ:ખમાં વીતે છે.' તેથી આ દિવસ તો પૂરા વર્ષના આનંદ અને સુખને પામવાનો દિવસ છે.

નવા અનાજની નવી નવી વાનગીઓ ધરાવીને ભગવાન સમક્ષ **અન્નકૂટ** ધરાવવામાં આવે છે. તેમ કરવાથી, 'આખુંય વર્ષ ભગવાનની પ્રસાદિરૂપ પવિત્ર અન્ન જમવાની ભાવના અને બધું ભગવાનનું જ છે, તેમનું આપેલું આપણે જમીએ છીએ તો તેમને અર્પણ કરી પછી આપણે જમવું.' તેવી ભાવના વ્યક્ત કરતા આ ઉત્સવ ઉજવવામાં આવે છે. અન્નકૂટ ભગવાન સમક્ષ અર્પણ કરી **ઉત્સવના પદો** તથા **થાળ-આરતી** વગેરે ઉત્સાહથી ગવાય છે. સાંજ સુધી આ **દર્શન** રાખવામાં આવે છે. પછી તે જ **પ્રસાદ** સર્વે ભક્તોને વહેંચવામાં આવે છે. અધર્મ અંધારું ટાળવા 'પ્રેમે પ્રગટેલા સૂરજ સહજાનંદ'નો **પ્રકાશ** આપણે કેટલો ઝીલ્યો તે **અંતર્દષ્ટિ** કરવાનો દિવસ એટલે જ બેસતું વર્ષ.

શ્રીજીમહારાજે કારિયાણીમાં **બેસતા વર્ષના પવિત્ર દિવસે** વાત કરી : "...દેહના સંબંધી સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે **અખંડ** ભગવાનમાં **વૃત્તિ** રહે." (કારિયાણી પ્રકરણ વચનામૃત : ૭)

નવા વર્ષના **મંગલ પ્રભાતે** આપણા જીવનનો **નવો હિસાબ** શરૂ કરીએ. ભગવાન શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮, ૬૦ અને સારંગપુર પ્રકરણના ૧૮મા વચનામૃતોમાં કહ્યા પ્રમાણે હું મારા મોક્ષના માર્ગે કેટલો આગળ વધ્યો. આ સત્સંગમાં પ્રતિદિન ખોટ કરું છું કે નફો કરું છું તેનો હિસાબ માંડીએ. જેથી કરી વીતેલા ખોટના દિવસો ફરી ન આવે એવી નૂતન વર્ષના મંગલ પ્રભાતેથી **શરૂઆત** કરીએ. કારણ કે **'First Impression is the Last Impression.'**

વર્ષના પ્રથમ દિવસે જ એવી અસર આપણા જીવન પર પડે કે તેનું સ્મરણ **ચિરગામી** બની રહે. ખરેખર નવાં વર્ષની જીવનમાં કંઈ **નવીનતા** ન પ્રગટે તો 'જૂનું વર્ષ' એ નિરર્થક શબ્દો બને. તેથી જ તો **'જાગ્યા ત્યારથી સવાર - ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું.'** આ **નવા વર્ષના સૂત્રો** હોવા જોઈએ. તે સાથે જ જો નવા વર્ષનો પ્રારંભ થાય તો સામાન્ય માનવ પણ મહાનતાના ઉત્તુંગ શિખરોને આંબી શકે. આપણા સંકલ્પોમાં પ્રાણ પૂરવાની જવાબદારી આપણી જ છે. તેથી જ ગવાયું છે : **'નવો દીસે આવેશ જીવનમાં, નવું જગત આ લાગે છે; ખરો ભક્ત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે.'**

ભક્ત પણ તેને જ કહેવાય કે જે કંઈક જીવનમાં જૂના સ્વભાવોને છોડી પોતાના ઈષ્ટદેવને ગમે તેવું જીવે. તેથી કહેવાયું છે : 'An Honest man is the noblest work of God.'

'પ્રામાણિક માનવી એ ભગવાનની **ઉત્તમ કૃતિ** છે.' જો આપણે ખરા અર્થમાં **માનવી** બનીશું તો હવે પછી **'મા' નવી** નહિ કરવી પડે, એટલે કે આ **છેલ્લો જન્મ** થઈ જશે. તેવી શુભ કામના સાથે નૂતન વર્ષના પ્રારંભથી જ **ધર્મમય જીવન** જીવવાની **શરૂઆત** કરવી જોઈએ.

'धर्मो रक्षति रक्षितः ।' જે ધર્મની રક્ષા કરે છે તેની રક્ષા **ધર્મ** કરે છે. એ ન્યાયે આપણે સર્વે આ નૂતન વર્ષથી શ્રીજીમહારાજની સર્વે આજ્ઞાને પાળવાની **ટેક** લઈશું તો મહારાજ જરૂર આપણી રક્ષા કરશે જ.

નૂતન વર્ષે સૌ નવું જીવન જીવવાની પ્રેરણા સાથે જૂના વેર-

ઝેર ભૂલે છે, પ્રેમ ને આત્મીયતાથી મળે છે, વર્ષને વધાવવા એકબીજાના મંગળની ભાવના નવા ઉત્સાહથી વ્યક્ત કરે છે. એ જ જીવતરમાં **પરિવર્તન** કર્યું કહેવાય !

'कालोऽयं निरवधिः' - કાળ અનંત છે, એમ ભવભૂતિ કહે છે. વળી, ભર્તૃહરિ સુભાષિતમાં કહે છે કે, 'कालो न यातो वयमेव याताः' - કાળ પસાર થતો નથી, પૃથ્વીપટેથી આપણે પસાર થઈ જઈએ છીએ.

રોજ રોજ ફાટતાં તારીખિયાનાં પાનાં તો સમયના પવનની પાંખે ઊડી જાય છે. રાજા વિક્રમે શરૂ કરેલી **વિક્રમ સંવત**નું એક વધુ **વર્ષ** શરૂ થાય છે. તેણે શક લોકો પર **વિજય** મેળવી આ સંવત શરૂ કર્યું હતું. વર્ષ તો નવું બેસે છે, પણ **ઘટમાળ** તો જૂની જ રહી જાય છે !


'We live in deeds, not in years.' - આપણે આપણાં સુકૃતોમાં જીવીએ છીએ, વરસોમાં નહીં. કેટલું જીવ્યા તે કરતાં **'કેવી રીતે જીવ્યા'** તે માનવસમાજ માટે **મહત્ત્વ**નું છે. 'काकोऽपि जीवति चिराय बलिं च भुङ्क्ते।' - કહે છે : કાગડો પણ ૧૫૦ વર્ષ જીવે છે, વનસ્પતિ પણ સેંકડો વર્ષ જીવે છે. રાવણ વગેરે વરસોમાં જીવ્યા. શ્રી ભગવદ્ ગીતા આવા જીવનને **નિષ્ફળ જીવન** કહે છે : 'मोघं पार्थ स जीवति' - 'એ જીવન વ્યર્થ છે !' ટી.એસ. ઈલિયટ આવા જીવનને શ્વાસોચ્છ્વાસ કાઢતી **ધમણ તુલ્ય** કહે છે : 'Where is the life, we have lost in living.' - જે આપણે જીવી નાખ્યું તે જિંદગી જ ક્યાં છે ?

જો જીવનમાંથી કામ, ક્રોધ, લોભ, રાગ-દ્વેષ વગેરે દુર્ગુણો ઘટ્યા નથી તો શું એ જીવન **સાર્થક** કહી શકાય ખરું ? કેવળ ઢેફું ભાંગીને ધૂળ જ કરી કહેવાય.

'જીવન રૂપી પુષ્પનું પ્રેમ એ મધ છે.' પ્રેમથી જીવન જીવીને પ્રભુને પ્યારા બનીએ એવું ઈચ્છીને સૌ સાથે મળી, આગામી આવા ભવ્ય, પવિત્ર અને નવલા દિવસોમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને **પ્રાર્થના** કરીએ : 'संगच्छध्वं संवदध्वं सं वो मानांसि जानताम् समाना हृदयानि वः ।' - અમે સાથે રહીએ, સાથે પ્રગતિ મેળવીએ, અમારા સૌના હૃદય સમભાવનાનો સાગર બનો. (ઉપનિષદો)

નૂતન વર્ષના પ્રારંભમાં આપણે **આર્તનાદથી પ્રાર્થના** કરીએ : "હે મહારાજ ! 'अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम । तस्मात् कारुण्यभावेन रक्ष माम् परमेश्वर !।।' - અમારે બીજાનું શરણું નથી તેમજ અન્ય કોઈના શરણની ઈચ્છા પણ નથી. તમારું એકનું જ શરણ છે, હું તમારે શરણે આવ્યો છું, આપ આપની કરુણામય દૃષ્ટિથી મારું સર્વ પ્રકારે રક્ષણ કરો... રક્ષણ કરો...!!" (ઉપનિષદો)

આમ, શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ અને સાથોસાથ સદૈવ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહીએ, ષડ્અંગી સંપ્રદાય (દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત અને હરિભક્ત.)નો જ હંમેશા સંગ રહે તેવી અરજ કરીએ. કારણ કે :- **'ઉગ્યો દિનેશ નવ ભર્યા ભર્યા પ્રભાતે, આદેશ આજ જનમંગલકાજ આપે; હું તો સદૈવ ગગને અવિરામ ઘુમું, તીર્થો કરી પવિત્ર સંગ પદાબ્જ ચુમું.'**



રોજ રોજ ફાટતાં તારીખિયાનાં પાનાં તો સમયના પવનની પાંખે ઊડી જાય છે. રાજા વિક્રમે શરૂ કરેલી **વિક્રમ સંવતનું** એક વધુ **વર્ષ** શરૂ થાય છે. તેણે શક લોકો પર **વિજય** મેળવી આ સંવત શરૂ કર્યું હતું. વર્ષ તો નવું બેસે છે, પણ **ઘટમાળ** તો જૂની જ રહી જાય છે !

નૂતન વર્ષ તે આપણા જીવનનું **યાદગાર વર્ષ** બને, આ મનુષ્ય દેહે કરી આત્યંતિક કલ્યાણ માટેનું **અમૂલ્ય ભાથું** બની રહે તેવું આ વર્ષ વીતે; તેવી સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના **શ્રીચરણોમાં પ્રાર્થના** કરી ખૂબજ **મજબૂત મન** કરી તેના સથવારે **અડગ કદમો** ભરીએ. મોજથી... આનંદથી... ઉત્સાહથી.. ઉમંગથી **નવા વર્ષની શરૂઆત** કરીએ...!!!

**'કદમ અસ્થિર હોય તેને કદી રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.'**

➠ આ નવલા દિવસોમાં **વિશેષમાં** શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત **તીર્થધામ** એવા **સરધારને આંગણે** વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી** તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **અધ્યક્ષપદે** દર વર્ષે **ધનતેરશથી આઠમ** (આ વર્ષે પારાયણાદિ-કાર્યાંત્તર વશાત્ તથા ધનતેરસથી કારતક સુદ - ૬ સુધી જ છે.સુધી, ભવભટકણમાંથી છૂટી ભગવાન શ્રીહરિને ભેટવા માટે, શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'**નું અનેરું **આયોજન** કરવામાં આવે છે. જેમાં હજારો ભક્તજનો લાભ લઈને પોતાના જીવનને **ધન્યભાગી** બનાવે છે. તો તમે પણ રખે ને ચૂકી ન જતાં...!!!

**- નૂતન વર્ષના જય શ્રી સ્વામિનારાયણ.**

# નવલું અરુણ પ્રભાત : નવું વર્ષ

**પા. સંદિપ ભગત,** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

નીલ ગગન નવલખ તારાઓથી શોભે છે, તેમ **ભારતીય સંસ્કૃતિનું આકાશ** અનેક તહેવારોના તારલાઓથી શોભે છે.

આખુંય ચોમાસું વૃષ્ટિના સરવડા ક્યારેક રૂઠ્યા છે તો ક્યારેક મનભેર ને દિલભેર વરસ્યા છે. મનહરણી ધરતીએ સોળે શણગાર સજ્યા છે. વસુંધરાનો પાલવ બની ગયો છે. **'સુજલાં, સુફલાં અને સશ્યશ્યામલામ્'** ત્યારે પોતાની **તમામ પવિત્રતા**ને પાલવમાં લઈને આવે છે **'દિવાળીનો તહેવાર.'**

આમ તો દિવાળીનો ઈતિહાસ તો બહુ જ પુરાણો છે, પણ એ જગજાહેર છે એટલે વધારે તેની ચર્ચા આપણે નથી કરવી. 'But in a nut shell' આપણા અંતર-અવધમાં **પરમાત્માની પધરામણી**ના વધામણા એટલે **દિવાળી.**

દિવાળી અમાસના દિવસે આવે છે પણ દિવાળી એટલે **અજવાળાનું પર્વ.** દેહરૂપી માટીના કોડિયામાં આતમરામ રૂપી જ્યોત જલે છે. તેમાં સત્સંગનું તેલ પૂરી, જ્ઞાનનો પ્રકાશ રેલાવી, **અંતરના અંધકારને દૂર કરવાનું પર્વ** એટલે દિવાળી. આમેય અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થાય પછી જ પ્રભુદર્શન થાય !

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, કુથલી, વેરઝેર અને વ્યસન જેવા તત્ત્વો તમસ્ સર્જે છે. અંધકાર ફેલાવે છે, પણ **'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...'** એ પંક્તિ ખરા હૃદયથી ગાવાનો **તહેવાર** એટલે **દીપાવલી.**

➠ દિવાળીના દિવસોમાં માત્ર સદન જ નહિ, પણ મનને પણ સાફ કરવાનું હોય છે. નહિતર દિવાળી પેલા **જયંતી જમાદાર** જેવી થઈ જાય.

જયંતી જમાદાર કાળી ચૌદશની સાંજે તેમના ધર્મપત્નીને સૂંડલામાં બેસાડીને **સૂંડલો** માથે ઉપાડીને જતા'તા.

કોઈએ પૂછ્યું : ''ફૂલેકું કઈ બાજુ જાય છે ?''

તો તે કહે : ''કાળીચૌદશ છે એટલે **કકળાટ** કાઢવા જઉં છું...!!''

મનમાં કુસંપનો કચરો રાખીને સાનને રંગવાનો કોઈ અર્થ નથી. મનમાં કડવાશ ભરીને મીઠું મોઢું કરવા-કરાવવાનો કોઈ અર્થ નથી. ખોટા હિસાબો ચિતરીને **ચોપડાપૂજન** કે કાળું નાણું સંઘરીને **લક્ષ્મીપૂજન** કરવાનો કોઈ અર્થ નથી. ઘર, કુટુંબ, શેરી, ગામ કે દેશમાંથી કકળાટ દૂર ન થાય ત્યાં સુધી કાળીચૌદશનો કકળાટ કાઢ્યાનો કોઈ અર્થ નથી.

➠ દિવાળીની રાત્રિ ઘરોઘર અને શેરી-શેરીમાં પ્રજ્વળેલી **દીપમાળાઓ**થી ઝળહળી ઊઠે છે. આખો ય પરિવાર ઘરના આંગણામાં કે શેરી-મહોલ્લામાં એકત્રિત થઈને મોડી રાત સુધી આતશબાજીના વિવિધ અવાજોથી વાતાવરણને ગુંજવતો રહે છે. મધ્યરાત્રિએ બધો જ શોર શમી જાય છે. પરિવાર આનંદ કિલ્લોલ કરતો નવા વર્ષના તાજગીથી વધામણા કરવા અત્યારે નિદ્રામાં સરી પડે છે.

પરંતુ ફટાકડાની **આતશબાજી** પછીની નિરવ શાંતિમાં સપડાયેલી રાત્રિમાં કોઈ દિવસ વિચાર કર્યો છે ખરો કે આજે વર્ષની **અંતિમ રાત્રિ** છે. મારા ધંધાનો હિસાબ-કિતાબ તો મેં 'ગરબડ-ગોટો ને પ્રભુ મોટો' કરીને સમેટી લીધો. પણ આ વર્ષના મારા **આધ્યાત્મિક જીવન**ના વિચારનું શું ?

હમણાં થોડીવાર પહેલા જ હું ફટાકટા ફૂટવાના અવાજનો **આનંદ** માણતો હતો. લક્ષ્મીબોંબ ફૂટે ત્યારે એના અવાજ સાથે વેરાતા કેટલાય કાગળીયાઓને જોઈને હું કૂદતો હતો.

મેં મારા જીવનમાં આ આખા વર્ષ દરમ્યાન કેટલાય વ્યક્તિઓના જીવન એ જ રીતે એકજ ધડાકામાં વેર-

વિખેર કરી નાખ્યા છે એનું શું ? કેટલાયના જીવનમાં વેર-ઝેરના દારુગોળાનું પ્રદૂષણ મેં પ્રસરાવી દીધું છે એનું શું ?

ધંધાનો હિસાબ પાયેપાયનો કરો એનો જરાય વાંધો નથી, પરંતુ પોતાના અંતઃકરણમાં કેટલા ગુણદોષનો વધારો-ઘટાડો થયો એનું **નામું** માંડવાનો તો વિચાર સુધ્ધા નથી આવતો એનું શું?

દિવાળી એટલે હળવા-મળવાનો તહેવાર, પ્રેમનો તહેવાર, ઉજાસનો તહેવાર, 'it is 100% currect but...' નવા વસ્ત્ર પહેરી, ચહેરા પર બનાવટી સ્મિત સાથે આપણે એવા વ્યક્તિઓને મળીએ કે જેમના માટે આપણાં પેટમાં મોટી જબરી કાતી (છરી)ઓ હોય, રાગ-દ્વેષ હોય, ઈર્ષ્યા હોય, શું આને તમે મળ્યું કહેશો ? એવા વ્યક્તિ સામા મળ્યા એટલે ગળે લગાડીને મળ્યા, ઔપચારિક 'જય શ્રી સ્વામિનારાયણ' કહ્યા, પૂછ્યા માટે ખબર-અંતર પૂછ્યા ને છૂટા પડ્યા. શું આને જ તમે પ્રેમ કહેશો ?

અંતર આખું કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, વગેરે શત્રુઓથી ખરડાયેલું છે. ગૂઢ વાસનાઓના કેટલાય અંધારિયા ઓળાઓએ આત્માના અજવાસને ઢાંકી દીધો છે. અને આખાય અંતર્જગતમાં અંધારુ પાથરી દીધું છે. એને બીલકુલ અવગણીને બહાર ગમે તેટલા પ્રગટાવિએ તોય શું ?

દિવાળી તો ખરેખર **વિચારપર્વ** છે, અંતર-ખોજનું પર્વ છે. તો દિવાળીની નિરવ મોડી રાત્રિએ જીવનના ચોપડાના લેખા-જોખા જોઈ-તપાસીને એનો તાળો મેળવીએ તો અમાસની નિબિડ અંધકારમાં પણ મનની નિર્મળતાનો ઉજાસ રેલાય અને અંતઃકરણમાં સદ્‌ગુણોની દીપમાળા ઝળહળી ઊઠે એ છે સાચી દિવાળી...!!

દિવાળીમાં જે **આનંદ** મોંઘા ભાવના ફટાકડા ફોડીને ન મળે, મોટા શહેરોના રેસ્ટોરાંમાં ધર્માદાનું ખાવા જતા હોય તેમ એક-એક કલાક જગ્યા ખાલી થવાની રાહ જોવામાં ન મળે, મોંઘી ભેટ સોગાદોથી કે સમૃદ્ધિનું પ્રદર્શન કરવામાં ન મળે તે આનંદ **આત્મખોજી**ને રાત-દિવસ બારે મહિના દરેક **સ્થિતિ**માં રહે છે. કારણ કે, એના ઉપર પરમાત્માની કૃપા અનરાધાર વરસતી રહે છે. દાન **અલગારી**ની પેલી **પંક્તિ** છે ને **'રામકૃપા એને રોજ દિવાળી રંગના ટાણા રે...'**

આપણા મહાન સંતવર્ય સ.ગુ. શ્રી **ભૂમાનંદ સ્વામી** તો દિવાળીની **વ્યાખ્યા** કરતા કહે છે : **'એજ દિવાળી રે દેહ મનુષ્યનો રે, આવ્યો અતિ દુર્લભકાળ જેહ; તે જ તુજને મળ્યો જેને ઈચ્છે છે દેવતા રે, તેમાં લવ નથી સંદેહ; ભૂમાનંદ કહે છે રે અવસર આવિયો રે, તેમાં તારું લેને સુધારી કાજ...'**

સ્વામીએ મનુષ્ય દેહને **દુર્લભ** કહ્યો છે. એટલું જ નહિ, આ **મનુષ્યદેહ** મળ્યો **એ જ દિવાળી** છે. એમ કહી મનુષ્ય શરીરને એક **મહાન ઉત્સવ** સમું વર્ણવ્યું છે. જેમ દિવાળીના દિવસોમાં આબાલ-વૃદ્ધ, ગરીબ-તવંગર સહુ આનંદ કરે છે તેમ જેમને મનુષ્ય દેહની **દુર્લભતા** સમજાય છે તેને સમગ્ર જીવન દિવાળીના ઉત્સવ જેવું લાગે છે.



**ધંધાનો હિસાબ પાયેપાયનો કરો એનો જરાય વાંધો નથી, પરંતુ પોતાના અંતઃકરણમાં કેટલા ગુણદોષનો વધારો-ઘટાડો થયો એનું નામું માંડવાનો તો વિચાર સુધ્ધા નથી આવતો એનું શું ?**

'દુર્લભ' શબ્દને આપણે બહુ **સુલભ** બનાવી દીધો છે. ભણ્યા પછી નોકરી મળવી મુશ્કેલ હોય છે એટલે કેટલાક બોલે છે 'નોકરી દુર્લભ છે.' કોઈક કહેશે 'અમેરિકાના વીઝા દુર્લભ છે.' પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે જેમણે પ્રગતિ કરી છે તેઓ **દુર્લભની વ્યાખ્યા** કરે છે : 'સમગ્ર વિશ્વની સંપત્તિ આપવા છતાં જે ન મળે તે દુર્લભ.'

એકવાર અર્જુન અને ભગવાન શ્રીકૃષ્ણ માર્ગે ચાલ્યા જતા હતા. અર્જુને ભગવાનને **પ્રશ્ન** પૂછ્યો : "ભગવન્ ! મનુષ્ય દેહ ક્યારે મળે ?" ભગવાન શ્રીકૃષ્ણે **ઉત્તર** આપ્યો : "ચારસો ગાઉં પાણીની વાવ માથા સુધી ભરેલી હોય, માથાનો એક મુવાળો લઈ, તેના ઊભા ચાર ફાડિયા કરી, એક ફાડિયાના અગ્રભાગથી એ વાવ ઉલેચીએ ને તે જ્યારે ખાલી થાય ત્યારે **મનુષ્યદેહ** મળે, આટલો **સમય** લાગે."

અર્જુને કહ્યું : "પ્રભુ ! તો તો પછી તમે ના જ પાડોને કે મનુષ્ય જન્મ મળે જ નહીં !"

શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું : "ના તો ન કહેવાય, પણ મનુષ્ય દેહ મેળવવામાં આટલો સમય લાગે છે."

સ.ગુ. શ્રી **દેવાનંદ સ્વામી**એ લખે છે : **'માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી....'** આ જ પદરચનામાં તેઓ આગળ કહે છે : **'મળ્યો મનુષ્ય દેહ ચિંતામણિ રે...'** અહીં સ્વામીએ લખેલા **'ચિંતામણિ'** શબ્દ દ્વારા મનુષ્ય દેહની દુર્લભતા વધુ સારી રીતે સમજાય છે. કોહિનૂર હીરાની કિંમત સમજાય છે તો લોકો તેને જોવા જાય છે. તે જોઈ આનંદ પામે છે, ગર્વ અનુભવે છે. કોહિનૂર હીરા કરતા પારસમણિ અનેકગણો કિંમતી છે. તેથી પણ ચિંતામણિ **અનેકગણો કિંમતી** છે. અને તે ચિંતામણિ

તુલ્ય આપણને મળેલો આ **મનુષ્ય દેહ** છે. તે સમજાય તો તેનો પણ આપણને **આનંદ** રહે.

અમેરિકાના વિખ્યાત **રસાયણશાસ્ત્રી વિજ્ઞાની** પ્રો. હેરોલ્ડ જે. મોરોવિટ્ઝે **મનુષ્ય દેહની કિંમત** ૬૦૦૦ ટ્રિલિયન **ડોલર** આંકી છે. શરીરમાં જેટલા રસાયણો હોય છે તેના જ આધારે તેમણે આ કિંમત આંકી છે. અને તેમાં પ્રાણ પૂરવાની કિંમત તો આંકી શકાય તેમ જ નથી. તેમ છતાં ધારો કે આ કિંમતને લક્ષ્યમાં રાખીને ચાલીએ અને મનુષ્યદેહનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણીએ તો, ૧ સેકંડના **સાડા સાત કરોડ** રૂપિયા ખર્ચાય છે એમ કહી શકાય. આપણી એક એક સેકંડ કરોડો રૂપિયાની થાય છે ! દેવો પણ આવો દુર્લભ મનુષ્યદેહ મળે તેવી ઈચ્છા રાખે છે : 'अहो अमीषां किमकारि शोभनं, प्रसन्न एषां स्विदुत स्वयं हरिः । यै र्जन्म लब्धं नृषु भारताजिरे, मुकुन्द-सेवौपयिकं स्पृहा हि नः ।।' - અહો ! જેઓ આ ભારતવર્ષમાં મનુષ્ય તરીકે જન્મ્યા છે એવા ભારતવર્ષના મનુષ્યોએ કયા પુણ્ય કર્યા હશે ? કે ભગવાન શ્રીહરિ જ સ્વયં શું તેઓના પર પ્રસન્ન થયા હશે ! એ મનુષ્યજન્મ મહાપ્રભુ શ્રીહરિની સેવામાં ઉપયોગી હોઈ અમે પણ તેની ઝંખના કરીએ છીએ. ભગવાનની સેવાને માટે યોગ્ય મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યો છે એ સૌભાગ્યને માટે તો અમે પણ હંમેશા ઈચ્છા રાખીએ છીએ.

(શ્રીમદ્ ભાગવત : ૧/૧૯/૨૧)

મોટા મોટા દેવતાઓને પણ જેની ઈર્ષ્યા થાય એવા દુર્લભ માનવ દેહની અમૂલ્ય ક્ષણોને આપણે કેવી ક્ષુલ્લક અને નકામી બાબતોમાં વેડફી નાખીએ છીએ !

કોઈ બાળકને ૧૦૦ રૂપિયાનું રમકડું આપવામાં આવે અને તે તૂટી જાય તો તેને ખાસ દુઃખ થતું નથી. પણ તેણે જાતે બે રૂપિયાની કિંમતનું રમકડું બનાવ્યું હોય અને તે તૂટી જાય તો તે અત્યંત દુઃખી થઈ જાય છે. એમ આપણને મફતમાં આવો **અમૂલ્ય મનુષ્યદેહ** મળ્યો છે એટલે તેની કિંમત નથી સમજાતી. તેને કારણે તે ગમે તેમ આપણાથી વેડફાય છે અને તેનું દુઃખ પણ થતું નથી ! માણસો પાનનાં ગલ્લે વિના કારણે કલાકોના કલાકો ગુમાવે જ છે ને ! એને જ જો **કિંમત** સમજાય છે તો મનુષ્યદેહનો ઉપયોગ કરવામાં **વિવેક** પ્રગટ થાય છે. ગાડા કરતા મોટરની કિંમત વધુ છે તો તેના ઉપયોગમાં અને સાચવણીમાં વિવેક આવી જાય છે, એમ મનુષ્યદેહની કિંમત સમજાય તો તેનો દુરુપયોગ ન થાય.

જેઓ મનુષ્ય શરીરની કિંમત સમજ્યા તેમને ઉચ્ચજીવનની પ્રેરણા મળી. જે જેટલી કિંમત સમજ્યા તે તેટલું **ઉચ્ચ જીવન** જીવ્યા. તેમનુ ંજીવન સાર્થક થયું અને વર્ષો પછી લોકો તેમને યાદ કરે છે, તેમાંથી **પ્રેરણા** મેળવે છે, તેમના જીવન પર પુસ્તકો લખાય છે, સંવાદો ભજવાય છે, જયંતી ઊજવાય છે, તેમના સ્મારક બને છે, તેમની સ્મૃતિમાં સ્કૂલ-કોલેજ-હોસ્પિટલો બને છે, તેમના સ્ટેચ્યુની સ્થાપના થાય છે.

મનુષ્ય દેહની દુર્લભતા સમજીને તેનાથી જે **લક્ષ્ય** સિદ્ધ કરવાનું છે તે કરી શકાય, તો જ **સાચી દિવાળી** છે. બાકી દિવાળી તો આવે અને જાય છે, તેમાં માનવદેહની સાર્થકતાનું શું ? આવા વિચારોનું પર્વ **એટલે જ દિવાળી...!!!**

વૈરાગ્ય શતકમાં **ભર્તૃહરિ** લખે છે : 'यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः । इत्थं द्वाविमौ रजनीदिवसौ दोलयन्निवाक्षौ कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशावैः ।।' - જે ઘરમાં અનેક માણસો હતાં ત્યાં એક જ દેખાય છે. જ્યાં એક માણસ હતો ત્યાં કેટલાક થયા અને અંતે કોઈપણ બાકી ના રહ્યું. આવી રીતે રાત અને દિવસના બે પાસા ફેંકતો **કાળ** પ્રાણીઓરૂપી ચોગટીઓથી સંસારરૂપી વિશાળ સનાતન ચોપાટ પર પોતાની શક્તિ કાળી સાથે **ક્રીડા** કરે છે.

એ **કાળક્રીડા**નું એ **વિશેષ ચક્ર** પૂરું થયું. એના રંગમંચના એક અનોખા **અભિનય**નો અંત આવ્યો. એનો એક અંક પૂરો થયો. એની ઉપર કામચલાઉ પડદો પડી ગયો. એક વર્ષ અલબત માનવીય ગણના પ્રમાણેનું **એક વર્ષ** પૂરું થયું. નૂતન વર્ષ અથવા બેસતા વર્ષનું **પર્વ** યુગોથી ઉજવાય રહ્યું છે, તોપણ પુરાણું નથી થયું અથવા ઓછું આકર્ષક નથી થયું. આજે પણ એને એવા જ અવનવા આનંદપૂર્વક ઉજવવામાં આવે છે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પૂરું થયું ને એક **વિશેષ વર્ષ** આરંભાયું. (મનુષ્ય જન્મની ક્ષણ-ક્ષણ **વિશેષ** જ હોય છે !) આપણે એનો ઉત્સવ કરીએ તે બરાબર છે. ઉત્સવ કરવાનો આપણને અધિકાર છે. અલબત, આપણો સ્વભાવ છે. પરંતુ એથી આગળ વધીને આપણે **ચિંતન** પણ કરવું જોઈએ અથવા કહો કે **આત્મનિરીક્ષણ** કરવું જોઈએ.

**'નૂતન વરસે સૌથી પહેલા અવગુણ ભૂલવા ચાળો કરીએ,**
**કેટલા મન દુભાવ્યા મનવા, જઈ એકાંતે તાળો કરીએ;**
**મારું-તારું સાચું-ખોટું શિદ ખોટો ગોટાળો કરીએ,**
**લાગણીઓના તરણા લઈને કોઈ હૈયામાં માળો કરીએ.'**

પરદુઃખ ભંજન **વીર વિક્રમ**ની **પુણ્યસ્મૃતિ**માં શરૂ થયેલું એક વધુ વર્ષ અલવિદા કરીને અદૃશ્ય થયું !

સલામ કરીએ સરકતી સાલને... અને **પ્રણામ** કરીએ નવી સાલને.... નવલા વર્ષની નવલી નોબત નીલ-ગગનમાં ગજવવાની છે.

ત્રુટિ.... મણા... કચાશ અને ખામીને ખંખેરી આત્મવિકાસની સપ્તપદીની સરગમ છેડીને પૂર્ણતા તરફ પ્રસ્થાન કરવાની મંગલ ઘડી આવી છે. સાગરમાં.... રેતીમાં... ગગનમાં... આમ દાનવ, માનવ અને દેવ ત્રણેય લોકમાં શ્રેષ્ઠ હોય એવો મનુષ્ય અવતાર મળ્યો છે એને દિવ્ય બનાવવાનો છે. પરદુઃખ ભંજન બની, પરોપકારના કાર્યો કરીને ધૈર્યથી, વિવેકબુદ્ધિ દ્વારા નીડરતાથી નિઃસંગ બનીને પરબ્રહ્મનો

સાક્ષાત્કાર કરી જીવનને ધન્ય બનાવીએ.

**'વર્ષે વર્ષે આ ધરતી પર દીપાવલી તો આવે છે,**
**શું કરવું શું ના કરવું વિચાર સૌને આવે છે;**
**દીપાવલીના દીવડાથી સહુ ઘરના ગોખ સજાવે છે,**
**અંતરમાં અંધકાર પડ્યો બહાર પ્રકાશ પ્રગટાવે છે;**
**ધૂપસળીની સુગંધ જેવું હૈયુ કોણ સજાવે છે,**
**માનવતાનો મંત્ર આજે સાવ ભૂલાયો છે;**
**એક દીપ જલે એક દીપ બૂજે એવું ચિત્ર રચાયું છે,**
**શું કરવું આ વરસ આખું દિલમાં સૌ વિચારી લઈએ;**
**નવા વર્ષમાં શું કરવાનું દિલમાં દીવો પ્રગટાવી લઈએ,**
**હેત પ્રીતથી હળીએ મળીએ ભળીએ ગળીએ;**
**માનવ જન્મ સાર્થક કરીએ.'**

અત્યાર સુધીના જીવનમાં આપણે અહંકારના પોટલા માથે વેંઢારીને જ ફરતા રહ્યા છીએ પણ ભગવાન તો ગર્વગંજન છે તે કોઈના પણ મદને જરાપણ સાંખી લેતા નથી. કદાચ ઊપજે તો; સ્વયં અક્ષરનો પણ નહિ, તો પછી આપણી તો શી ઓકાદ, કોઈ ભક્ત કવિએ લખ્યું છે : **'મોટપને માથે લઈ જિંદગાની દોડી છે, અંતે એ મટકીને ઘનશ્યામે ફોડી છે...'**

અહંકારની આવી મટકીઓને ફોડવા માટે મોહનને કષ્ટ ઉઠાવવું પડે એ પહેલા **મોહનદાણી**ને આપણી બધી માટલીઓ **સપ્રેમ અર્પણ** કરીને એને જ નૂતન વર્ષની **મંગલ પ્રાર્થના** કરીએ કે, 'અમારું જીવન મંગલ બની રહો..., નિર્માની બની રહો..., આપને પ્રિય બની રહો...!!'

આપણા જીવનને **વિશેષ** આદર્શમય-વિવેકમય-મોક્ષમય બનાવવા માટે **ધનતેરશ થી છઠ્ઠ સુધી** પધારો સરધાર **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'**માં. સત્સંગ છાવણીનો લાભ લઈને પૂ. સંતો-મહાપુરુષો દ્વારા જીવનની **સાર્થકતા**ને સમજીએ.

આપણા જીવનની **પ્રત્યેક પળ** નૂતન વર્ષના **મંગલ પ્રભાત જેટલી જ મૂલ્યવાન** છે. તો ચાલો, દીપાવલીના આ પુનિત પર્વ મનની મૃદુતા, અંતરની ક્ષમા અને વાણીની નમ્રતાના અભિનવ રંગો વડે આપણા જીવનની રંગોળીમાં **ચેતનાના રંગો** પૂરી પર્વને **સાર્થક** કરી લઈએ અને શ્રી **'સ્વામિનારાયણ'** મહામંત્રને દિગંતમાં ગુંજાવીએ...!!!

વીતેલા વર્ષનો **વિચાર** કરીને એની સફળતાઓનું **સરવૈયું** કાઢીને એના ગુણદોષોનો **હિસાબ** કરીને ક્ષતિઓને દૂર કરવાનો ને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો ને શુભને વધારે ને વધારે પ્રમાણમાં **સુદૃઢ** કરવાનો **સંકલ્પ** કરીએ, ઉન્નતિશીલ કાર્યક્રમ ઘડીએ અને તેને વફાદાર રહીએ. આપણા જીવનના આદર્શોનું શ્રવણ કરીએ, જે લક્ષ્યાંકોની સિદ્ધિ કરવાના સંકલ્પો સેવ્યા છે તેમને સફળ કરવાના સંકલ્પો કરીએ. વીતેલા વર્ષના રાગ-દ્વેષો, મતભેદો, ઈર્ષ્યાઓને મદમત્સરોને દફનાવી દઈએ. જીવનને નવા વર્ષ દરમ્યાન **નવો આકાર** આપવાનો **નિર્ણય** લઈએ. નૂતન વર્ષને સાચો સાચ **નૂતન વર્ષ** બનાવીએ. માત્ર કેલેન્ડરમાં જ નહિ, પરંતુ જીવનમાં મૂર્તિમાન બનાવીએ, તો નૂતન વર્ષનો ઉત્સવ **સફળ** બને...! બાકી તો કાળદેવતા પોતાનું કામ કર્યે જાય છે અને એક દિવસ નૂતન વર્ષની **પરંપરા** પણ આપણા માટે પૂરી થઈ જશે. કારણ કે, એનો ઉત્સવ કરવા માટે આપણે હોઈશું નહિ...!!!

આજના પવિત્ર દિવસે કેવળ હાથ ન મેળવીએ, હૈયા પણ મળે એવું કરીએ. કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોના ઉચ્ચાર ન કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત ને શુભભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ. આજે માત્ર આંખમાં જ ચમક ન હોય, અંતરમાં અને આત્મામાં પણ હોય એવું કંઈક કરીએ. નવીન વસ્ત્રોના પરિધાન માત્ર બહારના જ ન હોય, આંતરના સદ્વિચાર, સદ્ભાવ ને સત્કર્મોના પણ હોય એવું કંઈક કરીએ. સાલ **મુબારક** બને ને **બરબાદ ન થાય** એને માટેનું અનુકૂળ **મંગલમય આચરણ** કરવાનો **નિરધાર** કરીએ...!!

નૂતન વર્ષ આપણા માટે જ નહિ, બીજા બધાને માટે, વધારેમાં વધારે માનવો માટે, સમસ્ત રાષ્ટ્રને માટે, સમગ્ર સંસારને માટે, સુખશાંતિ-સમૃદ્ધિદાયક કલેશ વિદારક અને કલ્યાણકારક બને એવી આપણે સાથે મળીને **પ્રાર્થના** કરીએ :
**'सर्वे सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ।'**

આજના દિવસ દરમ્યાન જે ચેતના, ઉત્સાહ, સદ્ભાવ ને તરવરાટ દેખાય છે તે આવતીકાલે શમી ના જાય, પરંતુ સદાય રહે, દિનપ્રતિદિન ઉત્તરોતર વધ્યા કરે અને એવી રીતે નૂતન વર્ષ આજના દિવસ પૂરતું મર્યાદિત નહિ; પરંતુ કાયમનું બને એને માટે આપણે પ્રમાણિકપણે **પ્રયત્નો** કરીએ !

દિવાળી ને નૂતન વર્ષના પર્વો એકમેકની સાથે સંકળાયેલા છે. દિવાળી વર્ષનો છેલ્લો દિવસ અને લક્ષ્મીપૂજનનો **ઉત્સવદિવસ** મનાય છે. એ દિવસે વેપારીઓ **ચોપડાપૂજન** કરે છે. માણસે એવી રીતે પોતાના વીતેલા વરસના જીવનરૂપી ચોપડાને **પૂરેપૂરો** તપાસવો જોઈએ અને જમા-ઉધારના પાસાનો **પૂરેપૂરો વિચાર** કરવો જોઈએ.

દિવાળીના દિવસે ઘરમાં ને ઘરની બહાર **દીવા** પ્રગટાવવામાં આવે છે. એ દીવા **શાને માટે** છે ને શેના છે ? માનવના જીવનમાં, દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે - સ્નેહના, ક્ષમાના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદ્ભાવના ને સેવાભાવનાનાં. જ્યાં જ્યાં અવિચારરૂપી આસુરી સંપત્તિનો **અંધકાર** છે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો છે અને દિવ્ય નવા **પ્રકાશ**ને પ્રગટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા (ટેક) માટે છે.

આપણી અંદર પણ એવા દીવા થવા જોઈએ. સંપ, સ્નેહ, સહકારના એવા દીવા સમાજમાં પણ **સર્વત્ર** થવા જોઈએ. એના માટે આપણે આપણી શક્તિના પ્રમાણમાં બીજાને મદદરૂપ થવાનું **વ્રત** લેવું જોઈએ. સમાજમાં જ્યાં જ્યાં અજ્ઞાનતા, દીનતા, વેર-ઝેર, કુરિવાજો અને એવા બીજા અંધકારના અવશેષ છે ત્યાં ત્યાંથી તેમને દૂર કરીને પ્રકાશ પાથરવાનો **પ્રયાસ** કરવો જોઈએ.

પરંતુ ભીંતરમાં દીવડા પ્રગટાવવાની **પ્રેરણા** અને સઘળેથી અવિચારને દૂર કરવાનો ઉપાય આપણને જ્યાંથી મળી શકે એવો **એક માત્ર** સ્રોત **સત્સંગ** જ છે. માટે જ સ.ગુ. શ્રી **ભૂમાનંદ સ્વામી** એક **કીર્તનપદ**માં કહે છે : **'સત્સંગના ચંદરવા તળે થાય એ જ ખરી દિવાળી...'** - દિવાળી એક દિવસ માટે આનંદ પ્રસરાવે છે, પરંતુ સત્સંગનો ચંદરવો હૈયે **કાયમનો આનંદ** આપે છે.

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** કહે છે : ''મોક્ષના જેટલા સિદ્ધાંત છે કે જેટલા ગ્રંથમાં મોક્ષ માટે લખેલું છે તે સઘળું સત્સંગ કરવામાં સમાઈ જાય છે. **સત્સંગ ન હોય તો** બ્રહ્મા જેવા પણ કંગાળ છે. એ વાત જ્યારે પૂર્ણ સમજાય ત્યારે પાકો ભક્ત ગણાય. મનુષ્ય તન મળ્યું, ભૂપ થયો, ધનાઢ્ય થયો પણ સત્સંગ નથી તેને **બધું જ નિરર્થક** છે.''



આપણા જીવનની **પ્રત્યેક પળ** નૂતન વર્ષના **મંગલ પ્રભાત જેટલી જ મૂલ્યવાન** છે. તો ચાલો, દીપાવલીના આ પુનિત પર્વ મનની મૃદુતા, અંતરની ક્ષમા અને વાણીની નમ્રતાના અભિનવ રંગો વડે આપણા જીવનની રંગોળીમાં **ચેતનાના રંગો** પૂરી પર્વને **સાર્થક** કરી લઈએ..!

ઉનાળાનો ધોમધખતો તાપ હોય, સર્વત્ર લૂ વાતી હોય તે વખતે વડલાની **ઘટા**નો **ચંદરવો** શરીરને **ઠંડક** આપે છે. તેમ ત્રિવિધ તાપ જીવપ્રાણીમાત્રને દઝાડે છે, અંતર બાળે છે, તેમાં **સત્સંગનો ચંદરવો** જ **શાંતિ** આપે છે.

પરંતુ જેઓને આવા **સત્સંગ**નો **યોગ** નથી તેમને માટે કેટલીય દિવાળી આવી અને પસાર પણ થઈ ગઈ. નવું વર્ષ બેસે છે, થોડા દિવસ નવું નવું લાગે છે, સૌ હળેમળે છે, ગઈ ગુજરી ભૂલી જાય છે, નવેસરથી જીવનનો **આરંભ** કરે છે... પરંતુ આવુંને આવું **હંમેશ માટે** રહેતું નથી. સંસારની વિટમણામાં બધુ ભૂલાઈ જાય છે.

સદા **જાગૃતિ** તો રહે, જો નિયમિત સત્સંગ કરીએ. કથાવાર્તા સાંભળીએ, પોતાનું વાંચન-મનન વધારીએ, અંતર્મુખ થઈએ. ભગવાન શ્રીહરિ વડતાલ પ્રકરણના ૧૬મા **વચનામૃત**માં કહે છે : ''અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભુવ મનુ આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે. માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરકતુલ્ય ભાસે છે. અને અમારે પણ **ભગવાનના ભજનનું સુખ** તે જ **સુખ** જણાય છે. બીજું સર્વે દુઃખરૂપ જણાય છે.''

ભગવાનના સ્મરણમાં ને ભજનમાં જે સુખ રહ્યું છે તે આપણે અનુભવી શકીએ છીએ. ધારો કે કોઈની પાસે **કરોડ રૂપિયા** છે, પરંતુ શરીર રોગોથી ઘેરાયેલું છે, ઊંઘ આવતી નથી, માનસિક પીડા પણ છે - આવી પરિસ્થિતિમાં પૈસા એને **સુખ** આપી શકશે નહિ. એ મંદિરમાં જઈ ભગવાનના દર્શન કરશે, કથાનું શ્રવણ કરશે, સંત સમાગમ કરશે ત્યારે મન શાંત થશે. શરીરનું દુઃખ પણ ભૂલાઈ જશે. એટલે જ શ્રીજીમહારાજ ભગવાનના ભજન-સ્મરણ આગળ ચૌદ લોકના સુખને નરક જેવું **તુચ્છ** કહે છે.

આજે ચારેબાજુ **કુસંગ** ફેલાયો છે. ટી.વી. ઘેર-ઘેર આવી ગયા એ **મોટો કુસંગ** છે. આજે માણસને પોતાના દીકરાનું જીવન ખરાબ થઈ જાય એની પરવા નથી, પણ પોતાના ઘરનો ટી.વી. સેટ ખરાબ થાય તે તો પોસાય તેમ જ નથી.

આપણો સમય આજે વૃથાવાદ, વૃથાવિચાર ને વૃથા કથનમાં વેડફાઈ જાય છે. નવરા પડ્યા ને ક્રિકેટની ચર્ચા, ચૂંટણી હોય તો એની ચર્ચા, આપણા દેશના મોટા ભાગના એજ્યુકેટેડ સિનિયર સિટિઝન્સ **પાંચ-પાંચ કલાક વર્તમાનપત્રો** વાંચવામાં વેડફે છે ! પ્રેસલાઈન ને નાની-મોટી જાહેરખબરો સહિત બધું વાંચી નાખે ! એમાંથી એમના જીવનમાં કેટલું ઉપયોગી થવાનું છે તે તો એ જાણે.

ફોન નંબરમાં એક જ નંબર ખોટો જોડાઈ ગયો તો ? અરે ! ઘણીવાર તો સાચો નંબર જોડીએ તો પણ રોંગ નંબર લાગે છે. જીવનનું એવું જ છે. નંબર જોડીએ છીએ પણ ખોટા નંબર છે ! વાંચન થાય છે, પણ ખોટું છે.

રજોગુણ - તમોગુણ ખોટા નંબર જેવા છે. ભગવાનમાં મન જોડાવા ન દે. ડાયરેક્ટ બીજે લાઈન વહી જાય ! આળસ એટલે માત્ર ઊંઘ્યા જ કરવું એ નથી, વ્યર્થ વાર્તાલાપ કે વ્યર્થ વાંચન કરો - એ પણ આળસ-પ્રમાદ જ છે. તમોગુણ છવાઈ જાય ત્યારે દિશા બદલાય જાય છે.

આખા વર્ષના ૩૬૫ દિવસમાં, દિવાળી પર્વના ચાર-પાંચ દિવસ ખૂબ મહત્ત્વના ગણાય. તેમ ૮૪ લાખ દેહમાં મનુષ્યનો દેહ અતિ ઉત્તમોતમ ગણાય.

વૈજ્ઞાનિકો પણ આ ૮૪ લાખ યોનિની વાત દૃઢતાપૂર્વક કહે છે. થોડા સમય પહેલા **રિચાર્ડ્સ બ્લેક** નામના બી.બી.સી.ના એક પ્રસિદ્ધ પર્યાવરણવિદે જણાવ્યું હતું કે, 'The natural world contains about by 8.7 million species, according to a new estimate described by scientists as the most accurate ever. And the number came out as 8.7 million plas or minus about a million.'

અર્થાત્ વિજ્ઞાનીઓના અને પ્રાકૃતિક વિશ્વમાં **જીવસૃષ્ટિ**માં કુલ ૮૭ લાખ જાતના જળચર-ભૂચર-ખેચર સજીવ છે. તેમાંથી ત્રણ લાખ બાદ કરીએ એટલે **૮૪ લાખ** થઈ ગયા. જે આંક હજારો વર્ષોથી આપણા **મહાન શાસ્ત્રકારો** કહી રહ્યા છે.

આ ૮૪ લાખ પ્રકારના શરીરોમાં **મનુષ્યદેહ** અતિ **ઉત્તમોતમ** એટલા માટે છે કે જીવનો મોક્ષ માત્ર મનુષ્યદેહમાં જ થઈ શકે છે ! ગાય કેટલું ઉત્તમ પ્રાણી છે ! એનું છાણ, મૂત્ર પણ બધું પવિત્ર કરે અને ભૂમિ પણ પવિત્ર કરે, એ દવા તરીકે પણ વપરાય, પરંતુ ગાય રામનામ ન લઈ શકે ! અરે ! દેવતાઓ ને ઈન્દ્ર-બ્રહ્માદિકના ભવ્ય, સુંદર દેહ વડે પણ મોક્ષ ન થાય...!!

આપણને એવો દુર્લભ મનુષ્ય દેહ તો મળ્યો, પણ સાથે-સાથે આપણું **આત્યંતિક કલ્યાણ** થાય એવો **સુભગ સમન્વય** કરી આપ્યો છે. સંપ્રદાયના છએ છ અંગોની દૃઢતા થાય એવું **દિવ્ય વાતાવરણ** આપ્યું છે, એવો સત્સંગ આપ્યો છે. હવે તો આ બ્રહ્માંડમાં આપણાથી વધારે બીજાને **ભાગ્યશાળી** માનીએ એ જ ભૂલ !!

અતિ દુર્લભ મનુષ્યદેહ મળ્યો અને તેમાં વળી આવો **અદ્‌ભુત સત્સંગ** મળ્યો એ જ ભગવાન શ્રીહરિની મોટી કૃપા !



જીવનને નવા વર્ષ દરમ્યાન **નવો આકાર** આપવાનો **નિર્ણય** લઈએ. નૂતન વર્ષને સાચો સાચ **નૂતન વર્ષ** બનાવીએ. માત્ર કેલેન્ડરમાં જ નહિ, પરંતુ જીવનમાં મૂર્તિમાન બનાવીએ, તો નૂતન વર્ષનો ઉત્સવ **સફળ** બને...!

અન્યથા એ શક્ય જ ન બને. ચાહે તે અને ચાહે તેમ કરો, પરંતુ ભગવાન શ્રીહરિની કૃપાથી જ આપણા માટે એ શક્ય બન્યું. માટે આપણે તો દિવાળીમાંય દિવાળી, રોજ દિવાળી !

**'એ જ દિવાળી રે, દેહ મનુષ્યનો રે; તેને તું કરને મંદિર મહારાજનું રે, દયા શીલ સંતોષે શણગાર....'** એટલે કે આવો મોંઘો મનુષ્યદેહ મળ્યો છે તેને તેમાં ભગવાન શ્રીહરિ બિરાજમાન રહે તેવું મંદિર બનાવો.

ઘરમાં મંદિર બનાવો, ઘરને મંદિર બનાવો અને હવે તેમાં રહેનાર મંદિર બને અને તે પણ એવું મંદિર બને કે તેમાં ભગવાન સુખ-શાંતિથી રહે, અખંડ રહે ! પરમાત્માને એ મંદિર છોડવું ગમે જ નહિ ! તે જીવન મંદિરને દયા, શીલ, સંતોષ વગેરે સદ્‌ગુણોથી શણગારો.

અહીં વાત આવી જીવનમાં **સદ્‌ગુણોની મહત્તા**ની અને તેમની **આવશ્યકતા**ની.

'Its nice to be important but its important to be nice.' અર્થાત્ 'મહત્ત્વના થવું એ સારું જ છે, પણ સારા થવું એ **વધુ મહત્ત્વનું** છે.' મહત્ત્વના થવું એ કોઈ પાપ નથી, પરંતુ એ આધુનિકતા ભૌતિકતા છે, સારા થવું એ **આધ્યાત્મિકતા** છે. આજે લોકોની દોટ સારા દેખાવાની છે, સારા થવાની નથી. સારા દેખાવું એ પિત્તળ જેવું છે, સારા થવું એ સોના જેવું છે. સારા દેખાવું એ કામચલાઉની વાત છે, સારા થવું એ હંમેશ માટેની વાત છે. સારાપણું ભવોભવ સાથે રહે. સારા દેખાવમાં તાણ-ખેંચ, દંભ-કપટ, છેતરવાની વાત છે. થપાટ મારી ગાલ લાલ રાખવાની વાત છે. લોકોથી મચડાવવાની (Steered by people) વાત છે, પોતાની પસંદગી નહિ, લોકોને ગમે એ રીતે પહેરો, ફરો, બોલો, પોતાનો કાબૂ પોતા ઉપર નહિ ! સારા થવામાં પોતાનો કાબૂ પોતા ઉપર જોઈ શકાય છે.

આ છે સદ્‌ગુણોની મહત્તા અને આવશ્યકતા.

સદ્‌ગુણો અનેક સ્વરૂપે આપણને સુખી કરે છે, સંતોષ આપે છે, ભગવાન શ્રીહરિની વધુ નજીક લઈ જાય છે, સત્પુરુષોની પ્રસન્નતા અપાવે છે. સદ્‌ગુણોના એ અલગ-અલગ પાસાંઓને આપણે જોઈએ.

અમેરિકાથી પ્રકાશિત થતાં **'ડેઈલી મેઈલ'** નામના એક વર્તમાનપત્રમાં હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધક **ડેવિડ લૂઈસ** કહે છે : 'Research at the harword university had

shown that helping others makes us mentally tougher and physically stronger. Being more cosiderate can reduce stress levers. There fore, to improve our chances of being healthy, we should all start doing good to others.'

અર્થાત્ **હાર્વર્ડ યુનિવર્સિટી**ના **એક સંશોધન** મુજબ **બીજાને મદદ કરવાની વૃત્તિ** આપણને શારીરિક અને માનસિક **મજબૂતાઈ** બક્ષે છે. બીજાને અનુકૂળ થવાથી, નમતું જોખવાથી માનસિક તાણ ઘટે છે. તેથી જ **સ્વસ્થ** રહેવા માટે આપણે સહુએ બીજાનું ભલું કરવું જોઈએ.

'He who does good to me, teacher me to be good.' અર્થાત્ 'જે મારું ભલું કરે છે તે મને બીજાનું નક્કી ભલું કરતા શીખવે છે.'

એક વિદ્યાર્થી ખિસ્સામાં સિનેમાની ટિકિટ લઈને ફિલ્મ જોવા બાઈક ઉપર જઈ રહ્યો હતો. સામેથી એક બીજો વિદ્યાર્થી બાઈક ઉપર આવી રહ્યો હતો, તે એક કૂતરા સાથે ભટકાઈ ગયો. બાઈક પડી ગઈ. માથા પર સખત ઈજા થઈ. હોસ્પિટલનો કેસ બની ગયો. સિનેમા જોવા જતો વિદ્યાર્થી ઘાયલ થયેલા વિદ્યાર્થીને હોસ્પિટલ લઈ જવામાં લાગી ગયો. પોતાના ખિસ્સામાંથી ટિકિટ તેણે ફાડી નાખી, ફિલ્મ જોવાનું માંડી વાળ્યું. ઘાયલને બચાવવા સિવાય એના મનમાં બીજા બધા વિચારો અત્યારે બંધ થઈ ગયા. સેવામાં ઓતપ્રોત થઈ ગયો. હોસ્પિટલે પહોંચ્યા. હોસ્પિટલમાં ડોકટરે કહ્યું : "૧૫ મિનિટ મોડું થયું હોત તો આ વિદ્યાર્થી મરી જ જાત.!" વિદ્યાર્થીના મા-બાપ અને ભાઈ-બહેને **આભારની લાગણી** વ્યક્ત કરી. ડોકટર અને સ્ટાફ પણ મદદ કરનાર વિદ્યાર્થી પર ખુશ થયા. આ વાંચીને તમે પણ એ વિદ્યાર્થી પર રાજી થયા કે નહિ ? અમોને ખાતરી છે કે તમારો જવાબ 'હા' જ હોવાનો...!!

એક નાનું સરખું **સેવાકાર્ય** કેટલાયની જિંદગીમાં **મહત્ત્વપૂર્ણ** બની ગયું. કેટલાયને માટે પ્રેરણાદાયક અને આનંદદાયક બની ગયું. સદ્‌ગુણોની આવશ્યકતા અને મહત્તા માટે હવે કંઈ વિશેષ કહેવું પડે ખરું !

સ્વામી વિવેકાનંદ કહે છે : "સદ્‌ગુણોનું **નિઃસ્વાર્થીપણું** વધુ લાભદાયક છે, પણ તે માટે લોકોમાં ધીરજ રહેતી નથી."

આજે ઓઈલની કટોકટી (Oil Crisis) અને પૈસાની કટોકટી (Money crisis) કરતા ચારિત્ર્ય કે સદ્‌ગુણોની (Character or virtues crisis) કટોકટી વધુ અનુભવાય છે. ચારિત્ર્ય કેટલું મહત્ત્વનું અને આવશ્યક છે તે અંગે કહ્યું છે : 'The noblest, the highest, the greatest contribation a man can make for his society and mankind is his pure and spotless Character.' અર્થાત્ પોતાનું અણિશુદ્ધ અને પવિત્ર ચારિત્ર્ય એ જ **પ્રત્યેક વ્યક્તિનું** પોતાના સમાજ માટેનું અને માનવજાત માટેનું **અતિ ઉમદા** અને **સર્વશ્રેષ્ઠ યોગદાન** છે.

વળી, 'If wealth is lost nothing is lost. If health is last something is lost, if Character is lost everything is last.' અર્થાત્ ધન ગયું કંઈ નથી ગયું, સ્વાસ્થ્ય ગયું તો થોડું ઘણું ગયું, પરંતુ **ચારિત્ર્ય** ગયું તો બધું જ ગયું.

હિટલર જેવો ખૂંખાર માણસ ચર્ચિલથી ડરતો. તો ચર્ચિલ કેવો તાકાતવાન કહેવાય. પરંતુ એ ચર્ચિલ પણ ગાંધીજીથી ડરતો ! ગાંધીજીથી શાની બીક હતી ચર્ચિલને ? ગાંધીજીના ચારિત્ર્યને લઈને જ તે તેમની સાથે ચાર આંખ ભેગી કરી જોઈ ન શકતો !

ભગવાન **શ્રીહરિ** કહે છે : "બીજાના અવગુણ ન જુઓ, કોઈનાય પ્રત્યે પૂર્વગ્રહ ન રાખો." કોઈના પ્રત્યે **પૂર્વગ્રહ ન રાખવો** એ એક ખૂબ **મોટો સદ્‌ગુણ** છે. ગઈ સદીના **મહાન વૈજ્ઞાનિક** આલ્બર્ટ આઈનસ્ટાઈને કહ્યું છે : 'It is more difficult to disintegrate a prejudice then an atom.' અર્થાત્ **પૂર્વગ્રહ તોડવો** એ અણુનું વિભાજન કરવા કરતાં પણ ખૂબ કઠણ છે. સર્વત્ર અને સર્વે આ અનુભવ કરી જ રહ્યા છે. પૂર્વગ્રહથી મુક્તિ પામે તે સુખ પામે. તો આ સદ્‌ગુણ કેટલો **આવશ્યક** છે.

સહન કરવું, **ક્ષમા આપવી** એ પણ એક **મહાન સદ્‌ગુણ** છે. તે કેવું છે ? 'To Endure is greater than to dare, to tire out the hostile fortune to be daunted by no difficulty, to keep heart when all have lost it :- who can say this is not greatness.' અર્થાત્ સાહસ કરતા સહન કરવું મહાન છે, દુર્ભાગ્યને હઠાવવું, મુશ્કેલીઓથી મુંઝાવું નહીં અને સૌ કોઈએ હિંમત ગુમાવી હોય ત્યારે આત્મવિશ્વાસ અને પ્રેમ દાખવતા સહન કરવું તે **મહાનતા** નહિ તો બીજું શું કહેવું ?

'To forgive is the highest, most beautiful of love in return you will receive unfold peace and happiness' અર્થાત્ કોઈને માફ કરવું એ પ્રેમનું ઉચ્ચતમ અને સૌથી સુંદર સ્વરૂપ છે. તેના બદલામાં તમને અવર્ણનીય **શાંતિ** અને **આનંદ**ની પ્રાપ્તિ થાય છે.

કોઈને માફ કરવા અંગે પહેલા તમારી જાતને **અમુક પ્રશ્નો** પૂછો. તમને શું વધારે ગમે ? તંગ માનસિકતા કે માનસિક શાંતિ ? અન્ય પ્રત્યે અણગમો રાખવાથી તમે હળવા ફૂલ બની શકશો ?

શું તમે ખરેખર તમારા દુશ્મનને માફ કરી શકશો ? ભલે તે તમને માફી ન બક્ષે તો પણ માફી આપી શકો ? શું દુશ્મનને માફ કર્યા સિવાય તેને ભૂલી શકશો ખરા ? તો શું તમારે તેને નહિ ભૂલીને તમારા મનને શત્રુના વિચારોથી કેદ કરાયેલું રાખવું છે ?

જ્યારે તમે શાંતચિત્તે આ **બધા પ્રશ્નોના જવાબ** તમારી જાતને આપશો ત્યારે તમને જણાશે કે માફી આપવાની વાત વધારે સારી અને આપણા ફાયદામાં છે. અને આવા વિચારો આવશે ત્યારે માફી આપવી એ **સહજ** વાત બનશે. જેનાથી માનસિકતાણ ઓછી થઈ જશે અથવા તો નહિવત્ થઈ જશે. આપણી માફ કરવાની તૈયારી ઉપર માનસિક તાણની સ્થિતિ **આધારિત** રહેશે.

દયા, ધીરજ, સરળતા, સાદાઈ, સત્ય, શીલ, સંતોષ, તૃષ્ણારહિતપણું, નિર્લોભપણું, નમ્રતા, શાંતિ, શમ, દમ, તપ, તિતિક્ષા, સ્થિરપણું, ઉત્સાહ-ઉમંગમાં રહેવાપણું..... આવા તો **અનંત ગુણો** છે. જેટલા **આત્મસાત્** થાય તેટલી આપણી **આધ્યાત્મિક સદ્ધરતા** વધું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **'શ્રીહરિચરિત્રામૃત સાગર'**માં કહે છે : ''જ્યાં સંપ-સુહૃદભાવ, દયા, મરજાદા હોય ત્યાં ભગવાન વસે છે. જ્યાં સંપ રહે છે ત્યાં રિદ્ધિ-સિદ્ધિ અને પ્રભુતા રહે છે. સંપ એ ભગવાનનું દૈવત છે. જ્યાં આ સર્વે નથી ત્યાં ધર્માદિક પણ કથનમાત્ર છે. એનો કાંઈ અર્થ નથી. આકાશમાં ગતિ કરે તો પણ સંપ-સુહૃદભાવ વગર મોટાઈ આવતી નથી ને તે વિના મોટાઈ છે તો પણ કૃષ્ણપક્ષના ચંદ્રમાની પેઠે લુપ્ત થઈ જાય છે.''

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પણ કહે છે : ''ત્રણ ટાણાં ખાતો આળસુ હોય અને ઊંઘી રહેતો હોય એવા બીજા દોષયુક્ત હોય તોપણ સંત કહે તેમ કરે તો તે નિર્ગુણ છે.''

મનગમતું કરવું તે સાત્વિક, રાજસિક કે તામસિક છે, પણ ભગવાન કે ભગવાનના સંતની આજ્ઞામાં રહેવું તે **નિર્ગુણ** છે.

સાત્ત્વિક ગુણો એ સોનુ છે. નિર્ગુણ ગુણો તે અમૂલ્ય હીરા જડિત તોરણો છે. અમૂલ્ય હીરા સોના કરતા વધારે છે. તેમ નિર્ગુણ ગુણો અમાયિક, અલૌકિક, દિવ્ય છે...!!!

સદ્ગુણી વ્યક્તિનો **સહવાસ** દરેકને ગમે છે. પોતે જીવનમાં કદાચ સદ્ગુણો ન આપવાની શક્તિ હોય તેવી દુર્ગુણી વ્યક્તિને પણ સદ્ગુણી વ્યક્તિ પર પ્રેમ હોય છે. ભલે પોતે અપ્રમાણિક હોય, અસત્યવાદી હોય છતાં પ્રામાણિકતા, વફાદારી, સત્યનિષ્ઠા જેવા સદ્ગુણોથી શોભતી વ્યક્તિને જ પોતાનું કામ સોંપવાનું સૌને ગમે. ફિલ્મના પડદા પર આવતો એકટર અને વિલન વાસ્તવિકતામાં સદ્ગુણો અને દુર્ગુણોને વ્યક્ત કરતા બે **ટેમ્પરરી પાત્રો** છે. છતાં પણ દર્શકને એકટર પ્રત્યે **લાગણી** અને વિલન પ્રત્યે **ઘૃણા** થાય છે. તે હકીકતમાં સદ્ગુણો પ્રત્યેની લાગણી અને દુર્ગુણો પ્રત્યેની ઘૃણા છે. ટૂંકમાં દરેક માનવને અંતરથી **સદ્ગુણોની ચાહના** છે..

જો પરિવારમાં પણ દરેક વ્યક્તિનો આદર પ્રાપ્ત કરવો હોય, દરેકનો પ્રેમ સંપાદન કરવો હોય તો જીવન **સદ્ગુણ સભર** જોઈએ. કોઈક બે વેણ કહી જાય તો સામું ન બોલતા સહન કરવું. કોઈકને મદદની જરૂર હોય તો પોતાનું કામ મૂકી મદદ કરવાની ભાવના કેળવવી, દીકરા-દીકરીને કંઈક રજૂ કરવું હોય, પણ તેની કાલીઘેલી ભાષાને શાંતિથી સાંભળવાની ધીરજ કેળવવી. આમ, સદ્ગુણમય જીવન કેળવાય તો 'Home' ને 'Sweet Home' બનાવી શકીએ, નહીં તો દુર્ગુણરૂપી કડવાશથી ઘરની મીઠાશ મરી પરવારે...!!

એવી જ રીતે સત્સંગમાં પણ **સદ્ગુણી વ્યક્તિ** સાથે સૌને **સુવાણ** થાય. સેવાભાવનાથી જે સુશોભિત હોય, તેની પાસે રહેવામાં સૌને **હરખ** થાય. જે કાર્ય કરવામાં સદૈવ આગળ રહે અને સન્માન મેળવવામાં સૌથી પાછળ રહે તેવી 'નિર્માની' વ્યક્તિને મંચ પર તો સ્થાન મળે કે ન મળે, પણ લોકોના હૃદયમાં તેને જરૂર **સ્થાન** મળતું હોય છે.

વળી, સૌથી વિશેષ તો જે સદ્ગુણોથી યુક્ત હોય છે, તે સાક્ષાત્ ભગવાનને પણ **પ્રિય** બને છે, ભગવાનને એની સાથે સુવાણ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય-૧૨માં સ્વયં **ભગવાન શ્રીકૃષ્ણ** પોતાને કેવા ભક્ત પ્રિય છે તે જણાવતાં કહે છે : 'अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च । निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ।।१३।। संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः । मय्यर्पितमनोबुद्धिर्योमद्भक्तः स मे प्रियः ।।१४।।'

અર્થાત્ જે સર્વ ભૂતોનો દ્વેષ નહિ કરનારો, મિત્રભાવે વર્તનાર, દયાળુ, મમતા વિનાનો, અહંકાર વિનાનો, સુખ-દુઃખને સમાન માનનારો, ક્ષમાવાળો, સદા સંતોષી, યોગનિષ્ઠ, મનને વશ રાખનારો, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં અર્પણ કરેલા મન-બુદ્ધિવાળો હોય છે, તે મારો ભક્ત મને પ્રિય છે.

આ પછી પણ આ જ અધ્યાયમાં બીજા **છ શ્લોકો**માં અનેક સદ્ગુણોનું વર્ણન કરી ભગવાન પોતાને આવા **સદ્ગુણી ભક્ત** પસંદ છે, એમ વાત કરે છે.


સદ્ગુણી જીવન એ જ વ્યક્તિગત **સુખનો ઉપાય** છે, પારિવારિક એકતાનો પાયો છે, સત્સંગમાં સૌના હૃદયદ્વાર ખોલી તેમાં પ્રવેશ કરવાની ચાવી છે અને સૌથી વિશેષ **પરમેશ્વરનો રાજીપો** પ્રાપ્ત કરવાનો **રાજમાર્ગ** છે...!!!

તો ચાલો, આપણા હૃદયમંદિરમાં પ્રભુ પધરાવી **સદ્ગુણોનું સુશોભન** કરી ભગવાન શ્રીહરિને રીઝવીએ અને સાચા અર્થમાં **રોજ-રોજ દિવાળી**નો **આનંદ** માણીએ...!!

'किम् अधिकेन ।' આ બધા વિચારોને જીવનમાં આત્મસાત્ કરીએ તો જીવનમાં **રોજ-રોજ નવું વર્ષ** અને **રોજ-રોજ નવલું** અરુણ **પ્રભાત...!!!**

'Best of lack & hearty many many happy new year.'

**જય શ્રી સ્વામિનારાયણ.**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






મલાડ (મુંબઈ)ને આંગણે શ્રી ધર્મકુળ પરિવારની પવિત્ર નિશ્રામાં યોજાયેલ બાળ સંસ્કાર મંડળનો ૩૭મો વાર્ષિકોત્સવ તથા દ્વિમાસિક સત્સંગ સભા











તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ 'જલ ઝીલણી પર્વ' પ્રસંગે ઠાકોરજીનું પૂજન-અર્ચન-આરતી કરીને શ્રીજીપ્રાસાદિક સરોવરમાં વિહાર કરાવતા પૂ. સંતો-ભક્તો.







થાણાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'જલ ઝીલણી પર્વ' તથા સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






ડોંબીવલીને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'જલ ઝીલણી પર્વ' તથા સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






કોપરખૈરણેને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'કથાપારાયણ' પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






યોગીચોક ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






કતારગામ ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






શ્રીજીમંદિર-વરાછા ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી







વડોદરાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






બાપુનગરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી




સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ અભયદાન માસિક સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી







કેશોદને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'કથાપારાયણ' પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






વિરસદને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'કથાપારાયણ' પ્રસંગે પધારતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી.






મહુવાને આંગણે નૂતન મંદિર પટાંગણમાં યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






ભાવનગરને આંગણે નૂતન મંદિર પટાંગણમાં યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






બોટાદને આંગણે મંદિર પટાંગણમાં યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી તથા પૂ. શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી.










વડોદરા શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં
તેઓના જન્મદિવસ પ્રસંગે ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ દ્વારા યોજાયેલ 'માસિક સત્સંગ સભા'






રાજકોટ શહેર ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી







વડતાલ ખાતે શ્રી ગણેશ ચતુર્થીના દિવસે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે શ્રી વિઘ્નવિનાયક દેવનું પૂજન-અર્ચન કરતા શ્રી ધર્મકુળ પરિવાર તથા ગણેશ વિસર્જન ગામ શોભાયાત્રા






ડોંબીવલીને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'

## હાર્દિક અભિનંદન



### સંપ્રદાયનું ગૌરવ

સરધાર મંદિર છાત્રાલયમાં રહીને રાજકોટ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી રવિકુમાર પ્રવિણભાઈ આસોદરિયાએ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ 'ગ્લોબસ મ્યુઝિક - ૨૦૧૫' ગાયન સ્પર્ધામાં 'ધ વિનિંગ ટાઈટલઓફ ગ્લોબસ મ્યુઝિક - ૨૦૧૫' પ્રાપ્ત કરીને સંપ્રદાય તથા પોતાના પરિવારનું નામ રોશન કર્યું છે તે બદલ ભગવાન શ્રીહરિ તેઓને ઉત્તરોતર સંગીતક્ષેત્રેમાં અને જીવનમાં પ્રગતિ કરાવે તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવાર અને પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી આદિક સંત-પાર્ષદ મંડળના શુભાશિષ સહ તથા સરધાર મંદિર છાત્રાલયના દરેક વિદ્યાર્થીઓના હાર્દિક અભિનંદન.

With the divine blessings of **Lord Shree Swaminarayan** and agyna of H.H. 1008 **Acharya Shree Ajendraprasadji Maharaj,** in the presence of H.H. 108 **Bhavi Acharya Shree Nrigendraprasadji Maharaj** (Vadtal)

## Sanatan Shree Swaminarayan Mandir - Richmond, VA



# 1st Patotsav Mahotsav





## Bhagwat Satsang & Tulsi Vivah

## *Date :- July 26th - 29th, 2015*

Vakta :
**Swami Shree Purnaswarupdasji - Vadtal**

**Venue :- Sanatan Shree Swaminarayan Mandir,**
6202 Strathmore RD, Richmond, VA - 23234

For More Information Please Contact :- **804-536-7262**
watch Live @ **www.svg.org**

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતૃશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વડતાલને આંગણે**



# શરદોત્સવ





**તારીખ :- ૨૬-૧૦-૨૦૧૫, આસો સુદ - ૧૫**

**સમય :- રાત્રે ૮.૦૦ થી ૧૨.૦૦**

**:: નિમંત્રક ::**
બંને પ.પૂ. અ.સૌ. વહુજી મહારાજશ્રી
તથા પ.પૂ. અ.સૌ. લાલીરાજાશ્રીઓ

**:: આયોજક ::**
અખિલ ભારતીય દક્ષિણ વિભાગ
શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ

**સ્થળ :- શ્રી આચાર્ય નિવાસ સ્થાન, શ્રી રઘુવીરવાડી, વડતાલ.**

**નોંધ : 'શરદોત્સવ' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.**
**વધુ માહિતી માટે સંપર્ક :-** મો. ૦૭૩૮૩૫૫૪૧૦૧ (બપોરે ૩ થી ૬)

---

**:: તારીખ ::**
૧-૧૧-૨૦૧૫

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

**:: સમય ::**
સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
કળથીયા પરિવાર આયોજીત
પધારો
પીપળ (ગઢડા)
ભગવાન શ્રી સ્વામિનારાયણના લીલાચરિત્રો તથા ધર્મસિદ્ધાંતોથી ભરપૂર ગ્રંથરાજ
શ્રીમદ્ સત્સંગિજીવન
કથા મહોત્સવ
તારીખ : ૧૯ થી ૨૫ -૧૧-૨૦૧૫
કારતક સુદ-૮
કારતક સુદ-૧૫
વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
અધ્યક્ષશ્રી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ
કથા સમય :- સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦
ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ
:: આયોજક/નિમંત્રક ::
પ.ભ. શ્રી ભીમજીભાઈ છગનભાઈ કળથીયા સુપુત્રો તુષારભાઈ તથા ચિરાગભાઈ કળથીયા તથા
શ્રી હસમુખભાઈ અમરશીભાઈ કળથીયા પરિવાર - પીપળ
લાઈવ પ્રસારણ
હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
મહોત્સવ સ્થળ :- મું. પીપળ, તા. ગઢડા, જી. ભાવનગર




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
ભાવનગર શહેરને આંગણે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું
નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો...
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે
મંગલ શિલાન્યાસ
મહોત્સવ
૧૮-૧-૨૦૧૫
(પોષ સુદ-૯) સોમવાર
LIVE પ્રસારણ
હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
www.lakshyatv.com
॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥
કથા પારાયણ
તારીખ : ૧૩ થી ૨૧ -૧-૨૦૧૬
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના પુનિત પદારવિંદથી પાવન થયેલ અને ઐતિહાસિક ગોહિલવાડની ખમીરવંતા શૂરવીરો ની ધરતી પર વસેલા ભાવનગર શહેરમાં
શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર
અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ
પ્રયોજક તથા વક્તા : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ
સ્થળ : માર્કેટીંગ યાર્ડ સામે, નારી ચોકડી, રાજકોટ હાઈવે, ચિત્રા, ભાવનગર
સંપર્ક : કો.પા. અક્ષય ભગત - ૯૦૯૯૯૯૯૬૪૫, પા. સર્વમંગલ ભગત - ૯૦૯૯૯૯૯૬૩૦



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારને આંગણે



અધ્યક્ષશ્રી : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ઉપાધ્યક્ષશ્રી : પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ ૨૦ સત્સંગ છાવણી

## સરધાર ૨૦૧૫

**તારીખ :- ૯ થી ૧૭ -૧૧-૨૦૧૫**

આસો વદ-૧૩ — કારતક સુદ - ૬

**પ્રયોજક :- પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

### ॥ છાવણીના વિશેષ કાર્યક્રમો ॥

નૂતન વર્ષ પૂજન, સમૂહ સ્નાન, રાસોત્સવ, શેરડી ઉત્સવ, ઓળા ઉત્સવ, ડોડા ઉત્સવ વગેરે...

### ॥ ખાસનોંધ ॥

આ સત્સંગ છાવણીની સાથે-સાથે 'બાળ સત્સંગ છાવણી'નું આયોજન કરવામાં આવેલ છે, જેથી આપ આપના બાળકોને સાથે લાવીને છાવણીનો લાભ લઈ શકશો.

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર**

તા.જી. રાજકોટ. સંપર્ક - ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી)


**Live :** www.sardharkatha.com **E-mail :** sardharmandir@gmail.com



Swaminarayan Chintan, October - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015_RNI No. GUJGUJ-2013/47868

|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

# શુભ દીપાવલી અને નૂતન વર્ષાભિનંદન



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ્રતિ,

દેશ-વિદેશમાં વસતા ભગવાન શ્રીહરિના લાડીલા **ધર્મકુળ આશ્રિત** સર્વે પ.ભ. **હરિભક્ત પરિવાર** સમસ્ત.

મહાશુભસ્થાન વૃત્તાલયે બિરાજીત **શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળ સમીપેથી** શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધીશ્વર પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવં અમારા **શુભાશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ** વાંચશો.

દિપાવલી, શાસ્ત્રોક્ત અને પુરાણોક્ત પુણ્યભૂમિ પ્રમાણે પ્રભુ શ્રીરામ દ્વારા અધર્મરૂપી રાવણનો અંત કર્યા બાદ પોતાની પ્રજાને પોતાના વાત્સલ્ય અને સાંનિધ્યનું સુખ આપવા અને રામરાજ્યના શ્રીગણેશ કરવા **અયોધ્યા** નગરીને વિષે પુન- આગમન અને ભગવાન શ્રીરામના ૧૪ વર્ષના વિયોગથી વ્યાકુળ અને પ્રભુદર્શન માટે આતુર પ્રજાજનોએ, ભગવાનના આગમનનો હર્ષ અને પોતાનો ભાવ વ્યક્ત કરવા સમગ્ર નગરીને **દીવડાની હારમાળા** કરી પ્રકાશિત કરી તે અવસરની **સ્મૃતિ** છે. આમ તો પ્રભુ શ્રીરામનું આગમન અમાસની અંધારી રાતે થયું, પરંતુ પ્રજાના હૃદયના ઉત્સાહ અને પ્રભુ શ્રીરામ પ્રત્યે પોતાની શ્રદ્ધા અને વિશ્વાસે એ ઘોર અંધકારનો છેદ ઉડાડી પૂનમના અજવાળા ને ઝંખાવે તેવો પ્રકાશ પાથરી દીધો, ત્યારથી દીપાવલીનો ઉત્સવ તે અસત્ય, અન્યાય, અધર્મ, હતાશા, ઉદાસીનતા અને નકારાત્મક વિચારોના અંધકારનો પરાજય અને સત્ય, ન્યાય, ધર્મ, હર્ષ, ઉલ્લાસ અને શ્રદ્ધા-વિશ્વાસના દીપોના પ્રકાશથી જીવનમાં થતાં ઉજાસના વિજયના **પ્રતિક રૂપે** ઉજવાય છે.

ઉપરોક્ત ઉજ્જ્વલ પરંપરામાં આવનાર આ દીપાવલીનું **શુભપર્વ** તમારા સર્વેના જીવનમાંથી હતાશા, ઉદાસીનતા અને નકારાત્મક વિચારો અને દુઃખ-દારિદ્રયતા વિટંબણાઓના અંધકાર દૂર કરે અને સત્ય, ધર્મ, હર્ષ, ઉલ્લાસ, અને શ્રદ્ધા-વિશ્વાસના **દીપ** પ્રકાશમાન કરે તેવી **ભગવાન શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.**

તેમજ **આગામી નૂતન વર્ષમાં** તમારા જીવનમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ, ધર્મ અને ભક્તિની **અભિવૃદ્ધિ** થાય અને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ મૂળ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોને **પોષણ** મળે તથા સત્સંગનો સર્વાંગી વિકાસ થાય તેવી **સદૈવ કામના સહ** પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના **શુભાશીર્વાદ.**

**અસ્તુ કુશળં તવાસ્તુ**

આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ

નૃગેન્દ્રપ્રસાદ

લાલજી મહારાજશ્રી, વડતાલ



Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007